RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 387 Dt. 01-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## મિડલ ઈસ્ટ યુદ્ધમાં ૧૬ ભારતીયોના મોત

### સરકારે સંસદમાં કર્યો ખુલાસો, ઘાયલોનો આંકડો ચોંકાવનારો

નવી દિલ્હી, તા.૩૧

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સંસદમાં સરકારે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે જણાવ્યું કે યુદ્ધ શરૂ થયા બાદ ૧૬ ભારતીય નાગરિકોના મોત થયા છે, જેમાં ૧૦ નાવિકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૭૫ ભારતીયો ઘાયલ પણ થયા છે. મૃતકોમાં સાઉદી અરેબિયા, કુવૈત, ઓમાન, ઈરાક અને યુએઈના નાગરિકો સામેલ છે. સરકારે મૃતકોના પરિવારોને આર્થિક સહાયની પણ જાહેરાત કરી છે.

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધ વચ્ચે કેન્દ્ર સરકારે સંસદમાં એક મોટો ખુલાસો કર્યો છે. વિદેશ રાજ્ય મંત્રી કીર્તિ વર્ધન સિંહે રાજ્યસભામાં જણાવ્યું કે મિડલ ઈસ્ટમાં યુદ્ધ શરૂ થયા બાદથી અત્યાર સુધીમાં ૧૬ ભારતીય નાગરિકોના મોત થયા છે. જેમાં ૧૦ નાવિકો (ક્રૂ મેમ્બર્સ) સામેલ છે. આ ઉપરાંત ૭૫ ભારતીયો ઘાયલ પણ થયા છે. સીપીઆઈ-એમ સાંસદ જોન બ્રિટાસના સવાલના લેખિત જવાબમાં આ માહિતી આપવામાં આવી છે.

સરકાર દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ, મૃતકોમાં સાઉદી અરેબિયામાં ૧, કુવૈતમાં ૨, ઓમાનમાં ૮, ઈરાકમાં ૧ અને યુએઈમાં ૪ ભારતીય નાગરિક સામેલ છે. જ્યારે ઘાયલોમાં યુએઈમાં ૩૨, ઓમાનમાં ૨૪, કતરમાં ૪, કુવૈતમાં ૧૩, સાઉદી અરેબિયામાં ૧ અને ઈઝરાયલમા ૧ ભારતીય નાગરિકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એક અલગ દુર્ઘટનામાં કતરના રાસ લફાન ગેસ પ્લાન્ટમાં ૧૨ ભારતીયોના મોત થયા છે, જેનો સીધો સંબંધ યુદ્ધના હુમલાઓ સાથે નથી.

સરકારે જણાવ્યું કે યુદ્ધ ક્ષેત્રમાં માર્યા ગયેલા નાવિકોના પરિવારજનોને ડીજીએમએ વેલફેર સ્કીમ હેઠળ ૧૦ લાખ રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત



યુનિયન સાથે જોડાયેલા નાવિકોને વધારાનું વળતર પણ મળે છે. જેમાં અધિકારીઓને ૧૨ લાખ અને ક્રૂ મેમ્બર્સને ૧૦ લાખ રૂપિયા સુધીની સહાય સામેલ છે. ફેબ્રુઆરી ૨૦૨૬ થી અત્યાર સુધી ભારતીય દૂતાવાસ દ્વારા ઈરાનથી ૨૫૫૭ ભારતીયોને આર્મેનિયા અને અઝરબૈજાનના રસ્તે સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે. સરકારના અંદાજ મુજબ ઈરાનમાં હજુ પણ અંદાજે ૭૦૦૦ ભારતીયો હાજર છે, જેમાં વિદ્યાર્થીઓ, મજૂરો અને માછીમારો સામેલ છે.

દુબઈની ઈરાની હોસ્પિટલમાં કામ કરી રહેલા ૧૩૦ થી વધુ ભારતીયો, ખાસ કરીને કેરળના સ્વાસ્થ્યકર્મીઓને વીઝા સંબંધિત મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે કારણ કે સ્થાનિક સરકારે આ હોસ્પિટલ બંધ કરી દીધી છે. સરકાર દ્વારા આ ગંભીર મામલો રાજદ્વારી સ્તરે પણ ઉઠાવવામાં આવ્યો છે. અન્ય એક ઘટનામાં અમેરિકામાં 'ઓપરેશન ચેકમેટ' હેઠળ મે મહિનામાં ૫૨ લોકોની ધરપકડ કરવામાં આવી હતી, જેમાં ૩૬ ટ્રક ડ્રાઈવરો હતા અને ૩૦ ભારતીય નાગરિક હોવાનું સામે આવ્યું છે. ભારત સરકાર આ અંગે અમેરિકી પ્રશાસન પાસેથી સંપૂર્ણ માહિતી મેળવી રહી છે.

## કુલગામમમાં આતંકીઓનો શ્રમિકો પર ગોળીબાર

### એકનું મોત, એકને ઈજા : સુરક્ષાદળોનું સર્ચ ઓપરેશન

નવી દિલ્હી, તા.૩૧

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં લશ્કર-એ-તૈયબાના આતંકીઓએ ૨ પરપ્રાંતીય મજૂરો પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં છત્તીસગઢના દીપકનું મોત થયું, જ્યારે ભૂપેન્દ્ર કુમાર ઘાયલ થયા. ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ હુમલાની નિંદા કરી, સુરક્ષાદળોને આતંકીઓનો ખાતમો કરવા આદેશ આપ્યો. સુરક્ષાદળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ઘાયલ મજૂરની સારવાર ચાલી રહી છે. જમ્મુ-કાશ્મીરના કુલગામમાં એક મોટો આતંકી હુમલો થયો છે. અહીં આતંકીઓએ બે પરપ્રાંતીય મજૂરો પર ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં છત્તીસગઢના રહેવાસી દીપક નામના એક મજૂરનું મોત થયું છે, જ્યારે ભૂપેન્દ્ર કુમાર નામનો બીજો મજૂર ઘાયલ છે.

લશ્કર-એ-તૈયબા નામના આતંકી સંગઠને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. હુમલા બાદ તરત જ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને હુમલાખોરોને શોધવા માટે સઘન તપાસ અભિયાન શરૂ કરી દીધું છે. જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ આ કાયરતાપૂર્ણ હુમલાની આકરી નિંદા કરી છે અને સુરક્ષાદળોને ઓપરેશન તેજ કરીને આતંકીઓનો ખાતમો કરવાનો કડક નિર્દેશ આપ્યો છે. ઉપરાજ્યપાલે માહિતી આપી છે કે હુમલામાં ઘાયલ થયેલા અન્ય મજૂરને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સારવાર ચાલી રહી છે. તેમણે મૃતક મજૂરના પરિવાર પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને વિશ્વાસ અપાવ્યો છે કે આખું તંત્ર અને દેશ પીડિત પરિવારોની પડખે ઊભો છે. નોંધનીય છે કે આતંકીઓએ



આ હુમલો એવા સમયે કર્યો છે જ્યારે ૨૨ જુલાઈના રોજ કુલગામમાંથી જ સુરક્ષાદળોને મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળ્યો હતો. સેના અને પોલીસની ટીમે એક બગીચામાં ઓપરેશન ચલાવીને વિસ્તારની શાંતિ ડહોળવાના આતંકીઓના કાવતરાને નિષ્ફળ બનાવ્યું હતું. આ ઘટનાના થોડા સમય પહેલા ૩૦ જુલાઈએ જમ્મુ-કાશ્મીરના રાજૌરીના ગાઢ જંગલોમાં પણ સુરક્ષાદળોએ આતંકીઓનો એક ગુપ્ત અડ્ડો પકડી પાડ્યો હતો. આ સ્થળેથી રાશન અને રસોઈના વાસણો મળી આવ્યા હતા. આતંકીઓએ જંગલની ઝાડીઓની આડમાં અહીં પોતાનું કામચલાઉ રહેઠાણ બનાવ્યું હતું. હાલમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકીઓને શોધવા માટે મોટા પાયે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે અને જંગલના ખૂણે-ખૂણાની તપાસ થઈ રહી છે. તાજેતરના દિવસોમાં સેનાને અલગ-અલગ જગ્યાએથી વિસ્ફોટકો, ગ્રેનેડ લોન્ચર, એકે-૪૭ રાઈફલો અને અન્ય સામાન જપ્ત કરવામાં મોટી સફળતા મળી છે.

**કોમનવેલ્થ ગેમ્સમાં ભારતે ઈતિહાસ રચ્યો**

## અસ્મિતા ડે-હર્ષ સિંહે મેળવ્યા બે ગોલ્ડ

### ભારતીય જૂડો ખેલાડીઓએ ૯૨ વર્ષનો તોડ્યો રેકોર્ડ

નવી દિલ્હી, તા.૩૧

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતીય જુડો ખેલાડીઓ અસ્મિતા ડે અને હર્ષ સિંહે ઈતિહાસ રચ્યો છે. તેમણે એક જ દિવસમાં ૨ ગોલ્ડ મેડલ જીતીને ૯૨ વર્ષનો દુકાળ સમાપ્ત કર્યો. મહિલાઓની ૪૮સલ કેટેગરીમાં ત્રિપુરાની અસ્મિતા ડેએ કેનેડાની હેઈડી ક્વેચને હરાવી ભારતનો પ્રથમ જુડો ગોલ્ડ જીત્યો. પુરુષોની ૬૦સલ કેટેગરીમાં હર્ષ સિંહે ઓસ્ટ્રેલિયાના જોશુઆ કાટ્ઝને ૧૦-૦થી હરાવી ગોલ્ડ મેળવ્યો.

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૬માં ભારતના જુડો ખેલાડીઓએ ઈતિહાસ રચી દીધો છે. અસ્મિતા ડે અને હર્ષ સિંહે શાનદાર પ્રદર્શન કરીને એક જ દિવસમાં ભારતને જુડો રમત ક્ષેત્રે ૨ ગોલ્ડ મેડલ અપાવ્યા છે. આ ઐતિહાસિક સિદ્ધિ સાથે જ કોમનવેલ્થ રમતોત્સવના ૯૨ વર્ષના ઈતિહાસમાં ભારતનો જુડોમાં ગોલ્ડ મેડલનો લાંબો દુકાળ આખરે પૂરો થયો છે.

મહિલાઓની ઠ્ઠ્ઢળયક્ષ'ત ૪૮સલ કેટેગરીની ફાઈનલમાં ત્રિપુરાની ૨૩ વર્ષીય અસ્મિતા ડે (Asmita Dey) એ કેનેડાની હેઈડી ક્વેચને હરાવીને દેશને રમતોત્સવના ઈતિહાસનો પ્રથમ જુડો ગોલ્ડ અપાવ્યો હતો. શરૂઆતમાં પોઈન્ટ ગુમાવ્યા બાદ પણ અસ્મિતાએ હિંમત ન હારતા ૪ મિનિટની રમતમાં સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. ત્યારબાદ 'ગોલ્ડન સ્કોર' એટલે કે સડન-ડેથ ઓવરટાઈમમાં સચોટ દાવ લગાવીને તેણે આ ઐતિહાસિક વિજય મેળવ્યો હતો.દક્ષિણ ત્રિપુરાના બેલોનિયાની રહેવાસી અસ્મિતાનો પરિવાર અત્યંત સામાન્ય છે અને તેના પિતા સાયકલ મિકેનિક તરીકે કામ કરે છે. આર્થિક તંગી વચ્ચે એથલેટિક્સથી રમતગમતની શરૂઆત કરનાર અસ્મિતાને પાછળથી કોચે જુડો તરફ વાળી હતી. કેન્દ્રીય રમતગમત તાલીમ કેન્દ્ર (SAI) Bhopal ખાતે તાલીમ



મેળવીને તેણે આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કર્યું છે. અસ્મિતાની સિદ્ધિના ગણતરીના સમયમાં જ પુરુષોની ૬૦સલ કેટેગરીમાં હર્ષ સિંહે (ઈંફતિવ જાક્ષલવ) આક્રમક રમત બતાવીને ઓસ્ટ્રેલિયાના જોશુઆ કાટ્ઝને ૧૦-૦ના અંતરથી હરાવી દીધો હતો. હર્ષ કોમનવેલ્થ ગેમ્સના ઈતિહાસમાં જુડો ક્ષેત્રે ગોલ્ડ મેડલ જીતનાર દેશનો સૌપ્રથમ પુરુષ ખેલાડી બન્યો છે. અગાઉ ભારતને કોમનવેલ્થ જુડો ઈવેન્ટ્સમાં માત્ર ૫ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ જ મળ્યા હતા, પરંતુ ક્યારેય ગોલ્ડ મળ્યો નહોતો. આ 'ડબલ ગોલ્ડ' સફળતા સાથે જ ભારત ગોલ્ડ મેડલની સંખ્યા ૫ પર પહોંચાડીને મેડલ ટેલીમાં ૮મા ક્રમે પહોંચી ગયું છે. અસ્મિતાએ પોતાની આ જીત બાદ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'મેં દેશ માટે ગોલ્ડ જીતવા પૂરી તાકાત લગાવી દીધી હતી'.

## 'મને ગાળો આપનારા બાળકોને હું માફ કરવા માગું છું': વડાપ્રધાન

**PM મોદીનો નવો ઈન્સ્ટાગ્રામ VIDEO**

નવી દિલ્હી. તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મોડી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર Gen-ણને સંબોધિત કરતો ખાસ વીડિયો સંદેશ જાહેર કર્યો હતો. તેમણે જંતર-મંતર પર થયેલા પ્રદર્શનમાં પોતાની અને સ્વર્ગસ્થ માતા વિરુદ્ધ વપરાયેલી અભદ્ર ભાષા પર દુઃખ વ્યક્ત કર્યું હતું. વડાપ્રધાને આવા બાળકોને માફ કરીને તેમને સાચો રાહ બતાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, બાળપણમાં થતી ભૂલો સુધારી શકાય છે. સમાજમાં ફેલાયેલા આક્રોશને તેઓ સમજે છે.

**PM Modi New Instagram Video** : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે મોડી રાત્રે ઈન્સ્ટાગ્રામ પર એક ખાસ વીડિયો સંદેશ જાહેર કરીને દેશવાસીઓ અને યુવા પેઢીને સંબોધિત કર્યા હતા. આ વીડિયોમાં તેમણે જંતર-મંતર પર થયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોતાના અને પોતાની સ્વર્ગસ્થ માતા વિરુદ્ધ વપરાયેલી અભદ્ર ભાષા અંગે ખુલીને વાત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે, તેઓ આ ભૂલો કરનારા બાળકોને માફ કરવા



માગે છે અને તેમને સાચો રાહ બતાવવા માગે છે. શુક્રવારે રાત્રે આશરે ૧૧ વાગ્યા પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવ્યા હતા. તેમણે આ લાઈવ સેશન દરમિયાન ખાસ કરીને Gen-Z એટલે કે દેશના યુવાનો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે વાતચીતની શરૂઆતમાં કહ્યું કે, 'ફ્રેન્ડ્સ, આજે તો મન કરે છે કે બસ તમારી સાથે જ વાતો કરું.'

પોતાના વીડિયો સંદેશમાં જંતર-મંતર પર થયેલા પ્રદર્શનનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, ત્યાં જે કંઈ પણ બન્યું તે આખા દેશે અને દુનિયાએ જોયું છે. તેમણે ઉમેર્યું કે, 'કેટલાક શરારતી બાળકોએ અત્યંત ભદ્દી ગાળો બોલી, જે કોઈપણ સભ્ય સમાજને શોભા ન આપે. આવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. મને તો ગાળો આપવામાં આવી જ, પરંતુ મારી સ્વર્ગસ્થ માતાને પણ ગાળો આપવામાં આવી. આ ઘટનાનું સ્વરૂપ ખૂબ જ ખરાબ હતું.'

અભદ્ર ભાષાના પ્રયોગ છતાં વડાપ્રધાનએ ઉદારતા દર્શાવતા કહ્યું કે, બાળપણમાં ભૂલો થતી હોય છે અને તે ભૂલોમાંથી સુધરવાની તક પણ બાળપણમાં જ મળતી હોય છે, આ જ તો બાળપણ છે. તેમણે વધુમાં કહ્યું કે, 'આ ઘટનાને કારણે સમાજમાં જે આક્રોશ ફેલાયો છે તેને હું સારી રીતે સમજી શકું છું. આપણી દીકરીઓ આ પ્રકારની ભાષા કેવી રીતે બોલી શકે છે, તે સમાજ માટે એક સાંસ્કૃતિક આંચકો છે. આમ છતાં, આ બાળકોને માફ કરીને તેમને સન્માર્ગે લાવવા જરૂરી છે.'

## LPGથી લઈને બેંક સુધી : ૧૦ મોટા નિયમો, સૌને સીધી અસર

### FMCG સેક્ટરની રોજિંદી વસ્તુઓ જેવી કે ચા, સાબુ અને હેર ઓઈલના ભાવ ૬% થી ૮% સુધી વધી શકે




નવીદિલ્હી,તા.૩૧

આજથી દેશમાં ઘણા નિયમો બદલાશે, જેની સીધી અસર સામાન્ય નાગરિકોના ખિસ્સા પર પડશે. LPG સિલિન્ડરના ભાવ, રેલ્વે ટિકિટ બુકિંગ, ઇનકમ ટેક્સ લેટ ફી અને ક્રેડિટ કાર્ડના નિયમોમાં ફેરફાર થશે. FMCG વસ્તુઓ અને ઈલેક્ટ્રોનિક્સ મોંઘા થશે. બેંકો SMS એલર્ટ ચાર્જ વધારશે અને ઓગસ્ટમાં ૧૪ દિવસ બેંક રજા રહેશે.

ઓગસ્ટ મહિનાની પહેલી તારીખથી દેશમાં કેટલાક મહત્વપૂર્ણ નિયમો બદલાવા જઈ રહ્યા છે. રસોઈ ગેસ સિલિન્ડરના ભાવથી લઈને રેલ્વે ટિકિટ બુકિંગ, ઈનકમ ટેક્સ અને ક્રેડિટ કાર્ડ સુધીના નિયમોમાં ફેરફાર થશે, જેની સીધી અસર સામાન્ય નાગરિકોના દૈનિક બજેટ પર જોવા મળશે.LPG સિલિન્ડરના નવા ભાવ અંગે જાણીએ તો દર મહિનાની પહેલી તારીખે ઓઇલ માર્કેટિંગ કંપનીઓ એલપીજી સિલિન્ડરના ભાવ સમીક્ષા કરે છે. ૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ સવારે રસોઈ ગેસ અને કમર્શિયલ સિલિન્ડરના નવા દરો જાહેર થશે. એલપીજીની સાથે એર ટર્બાઇન ફ્યુઅલ (ATF) ના નવા દરો પણ જાહેર કરવામાં આવશે. એવિએશન ફ્યુઅલના ભાવમાં થતા ફેરફારની સીધી અસર હવાઈ પ્રવાસના ભાડા પર પડે છે.

રેલ્વે સ્ટેશનના રિઝર્વેશન કાઉન્ટર પર ભીડ ઘટાડવા માટે તત્કાલ ટિકિટ બુકિંગના નિયમોમાં ફેરફાર કરાયો છે. હવે ટોકન આપવાનો સમય તત્કાલ બુકિંગ શરૂ થવાના સમયની સાથે જ રાખવામાં આવશે. SMS એલર્ટ ચાર્જમાં ફેરફાર અંતર્ગત કેટલીક બેંકો પોતાના સર્વિસ ચાર્જમાં બદલાવ કરી રહી છે. ઉજ્જીવન સ્મોલ ફાઇનાન્સ બેંક પોતાના ગ્રાહકો માટે મહિને નિશ્ચિત મર્યાદા બાદ પ્રત્યેક SMS પર ૩૦ પૈસાનો શુલ્ક વસૂલશે.

**FMCG** સેક્ટરની રોજિંદી વસ્તુઓ જેવી કે ચા, સાબુ અને હેર ઓઈલના ભાવ ૬% થી ૮% સુધી વધી શકે છે. આ સિવાય ટીવી, ફ્રિજ અને વોશિંગ મશીન જેવા ઈલેક્ટ્રોનિક્સ સાધનો ૪% થી ૬% સુધી મોંઘા થઈ શકે છે, જ્યારે ઓટો કંપનીઓ પણ વાહનોની કિંમતમાં વધારો કરી શકે છે. **ITR Late Fee Penalty** : ITR ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ પૂર્ણ થઈ ગઈ છે. ૧ ઓગસ્ટથી લેટ આઈટીઆર ફાઈલ કરવા પર આવકના આધારે ૧,૦૦૦ રૂપિયાથી લઈને ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ ભરવો પડી શકે છે. ક્રેડિટ કાર્ડ બિલિંગના નવા નિયમો RBIના નવા નિર્દેશો મુજબ ક્રેડિટ કાર્ડ બિલિંગમાં વધુ પારદર્શિતા આવશે. બેંકો હવે ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી કરતી વખતે મૂળ રકમમાં લેટ પેનલ્ટી કે અન્ય વધારાના ચાર્જ ઉમેરી શકશે નહીં. **CKYC 2.0** ની શરૂઆતબેંકિંગ અને મ્યુચ્યુઅલ ફંડ સેક્ટરમાં CKYC 2.0 સિસ્ટમ લાગુ થઈ રહી છે. આ સિસ્ટમથી ગ્રાહકોએ અલગ-અલગ નાણાકીય સેવાઓ કે નવું એકાઉન્ટ ખોલાવવા માટે વારંવાર એકસરખા કેવાયસી દસ્તાવેજો આપવા નહીં પડે.

**GST** અને ય-ઠ્ઠ્ઢ બિલમાં ફેરફાર વેપારીઓ માટે GST નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે. 'Bill To-Ship To' વ્યવહારોમાં શિપ-ટૂ GSTIN દર્શાવવું ફરજિયાત બનશે અને વેપારીઓ પોતાની મરજીથી ઈ-વે બિલ બંધ પણ કરી શકશે. જ્યારે બેંક રજાઓની યાદી ઓગસ્ટ મહિનામાં રક્ષાબંધન, સ્વતંત્રતા દિવસ અને ઈદ-એ-મિલાદ જેવા વિવિધ તહેવારોને કારણે અલગ-અલગ રાજ્યોમાં બેંકો બંધ રહેશે. જોકે આ સમયગાળા દરમિયાન ઓનલાઈન બેંકિંગ સેવાઓ યથાવત ચાલુ રહેશે.

### અખાદ્ય સામગ્રી અને ગંદકી સામે RMC ફૂડ વિભાગની ત્રાટક બોલતી કામગીરી

# ૭૫ પેઢીઓમાં ચેકિંગ, ૩ સીલ, ૧૦૨૦ કિલો જથ્થાનો નાશ

## ઢોરના આહારમાંથી માણસોનું ફાફડા-ફરસાણ! ‘કેસર ફૂડ પ્રોડક્ટસ‘ સીલ





રાજકોટ, તા.૩૧

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા શહેરભરમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ, અસ્વચ્છતા અને નિયમોના ઉલ્લંઘન સામે કડક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ફૂડ ટીમે કુલ ૭૫ રેસ્ટોરન્ટ અને વેપારી પેઢીઓની તપાસ કરી હતી. આ કામગીરી દરમિયાન ૧૦૨૦ Kg વાસી તથા અખાદ્ય જથ્થાનો નાશ કરાયો છે, ૧૨ પેઢીઓને નોટિસ આપવામાં આવી છે, ૧૦ જેટલા નમૂના લેવાયા છે અને ગંભીર લાપરવાહી દાખવનાર ૩ મુખ્ય પેઢીઓને સીલ મારી કુલ ૩૪,૫૦૦ નો વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો છે. વાવડી ગામથી આગળ, ઇન્ડસ્ટ્રીયલ એરિયાની ગોપાલ હોટલ વાળી શેરીમાં આવેલ ''કેસર ફૂડ પ્રોડક્ટસ'' પર ચેકિંગ દરમિયાન સ્તબ્ધ કરી દે તેવી વિગતો સામે આવી હતી . ખાદ્યચીજો બનાવવા માટે વપરાતા લોટના પેકિંગ પર ‘પશુ આહાર’ પ્રિન્ટ થયેલું જોવા મળ્યું હતું. ફૂડ વિભાગે ઘટનાસ્થળેથી મીઠાશક્કરપારા તથા લોટ મળીને કુલ ૧૦૨૦ સલ અખાદ્ય જથ્થાનો નાશ કર્યો હતો. પેઢીને નોટિસ આપી ₹૫,૦૦૦ નો દંડ વસૂલ કરાયો છે. સાથે જ મીઠાશક્કરપારા (લુઝ) અને સુગર પાવડર (લુઝ)ના ૨ સેમ્પલ લઇ પેઢીને સીલ કરી દેવાઈ છે.

વિજય પ્લોટ-૧૮, ગોંડલ રોડ ખાતે આવેલા ''શાહ ફૂડ પ્રોસેસિંગ પ્રાઈવેટ લિમિટેડ'' માંથી મોટા પાયે ગેરરીતિ ઝડપાઈ હતી. પેઢીમાં કોઈ ટેકનિકલ પર્સન હાજર નહોતા તેમજ ઉત્પાદન અંગેનો બેચવાઈઝ કોઈ રેકોર્ડ પણ રખાતો નહોતો. FSS Act-2006 ના નિયમો વિરુદ્ધ લેબલ વગરનો એસન્સનો જથ્થો, ટી-કોફી પ્રીમિક્સ, સોફ્ટ ડ્રિંક કોન્સન્ટ્રેટ, ફૂડ એડિટિવ્સ અને સોડા મસાલાનો ૫,૯૭૨ સલ શંકાસ્પદ જથ્થો સ્થગિત કરાયો છે. ઉત્પાદન કે એક્સપાયરી ડેટ વગરના અલગ-અલગ ફ્લેવરના એસન્સના કેનનો ૨૦૦૦ લિટર જથ્થો સ્થગિત કરી પેઢીને સીલ કરવામાં આવી છે. અસ્વચ્છતા બદલ નોટિસ ફટકારી ₹૧૦,૦૦૦ નો વહીવટી ચાર્જ વસૂલાયો છે તથા મેંગો પાવડર (લુઝ) અને સ્વીટનર (લુઝ)ના ૨ નમૂના લેવાયા છે.

વિજય પ્લોટ-૧૮, ગોંડલ રોડ સ્થિત જય ખોડિયાર મકાનમાં આવેલ ''શ્રીનાથજી ટ્રેડિંગ'' માં હાથ ધરાયેલી તપાસમાં સામે આવ્યું હતું. ઉત્પાદનનો કોઈ બેચવાઈઝ રેકોર્ડ મળ્યો નહોતો. પોતાની બ્રાન્ડમાં પેકિંગ કરેલા મસાલા પાવડર પર FSS Act-2006 મુજબના જરૂરી લેબલ ગાયબ હતા.

વેચાણ અર્થે રાખેલ મરચું, હળદર અને ધાણાજીરું પાવડરનો અંદાજે ૫,૬૦૦ સલ શંકાસ્પદ જથ્થો સ્થગિત કરી દેવાયો છે. અનહાઈજેનિક સ્ટોરેજ બદલ નોટિસ આપી ૧૦,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો, હળદર, મરચું અને ધાણાજીરું પાવડરના ૩ સેમ્પલ લેવાયા અને પેઢીને સીલ કરવામાં આવી.આરોગ્ય શાખા દ્વારા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વેપારી સામે આગામી દિવસોમાં પણ આવી જ રીતે સમાધાન વગરની કડક કાનૂની કાર્યવાહી ચાલુ રહેશે.

# સામાકાંઠા વિસ્તારમાં પાણી પુરવઠાને વધુ સક્ષમ બનાવવા મનપાનું આયોજન

## ડી-માર્ટ પાછળના પ્લોટમાં ESR-GSR નિર્માણ માટે ધારાસભ્ય, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા સંભવિત સ્થળની મુલાકાત



રાજકોટ, તા. ૩૧

રાજકોટ શહેરના સામા કાંઠા વિસ્તારમાં સતત વધી રહેલી વસતિ તેમજ આગામી વર્ષોમાં પાણીની માંગને ધ્યાનમાં રાખીને નાગરિકોને વધુ સુદૃઢ, નિયમિત અને પૂરતો પાણી પુરવઠો ઉપલબ્ધ થાય તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ આયોજનના ભાગરૂપે ડી-માર્ટ પાછળ આવેલા રાજકોટ મહાનગરપાલિકાના પ્લોટમાં નવા એલિવેટેડ સર્વિસ રિઝર્વોયર (ESR) અને ગ્રાઉન્ડ સર્વિસ રિઝર્વોયર (GSR)ના નિર્માણ માટેના સંભવિત સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. સ્થળ મુલાકાત દરમિયાન જમીનની યોગ્યતા, પાણી સંગ્રહ ક્ષમતા, વિતરણ વ્યવસ્થા તથા ભાવિ વિકાસને ધ્યાનમાં રાખીને તકનીકી મુદ્દાઓનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને અધિકારીઓએ સ્થળ પર જ પ્રોજેક્ટના અમલીકરણ અંગે પ્રાથમિક માહિતી રજૂ કરી હતી.

પ્રસ્તાવિત ESR-GSRનું નિર્માણ પૂર્ણ થયા બાદ સામા કાંઠા વિસ્તારના વિવિધ વોર્ડોમાં પાણી પુરવઠાની વ્યવસ્થા વધુ મજબૂત બનશે. ખાસ કરીને પાણીના દબાણમાં સુધારો, પૂરતા પ્રમાણમાં પાણીની ઉપલબ્ધતા અને વધતી વસતિને અનુરૂપ વિતરણ ક્ષમતામાં વધારો થશે, જે ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના સર્વાંગી વિકાસ સાથે પાણી જેવી પાયાની સુવિધાઓને વધુ સક્ષમ બનાવવા માટે આ લાંબા ગાળાનું મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. મુલાકાત દરમિયાન ઈસ્ટ ઝોનના સિટી એન્જિનિયર તથા ટાઉન પ્લાનિંગ ઓફિસરે સંભવિત સ્થળ અંગેનું પ્રાથમિક આયોજન, રિઝર્વોયરની સંભવિત ક્ષમતા અને સ્થળની ઉપયોગિતા અંગે વિસ્તૃત વિગતો રજૂ કરી હતી. આ તકે ઉપસ્થિત જનપ્રતિનિધિઓએ આયોજનને વધુ અસરકારક બનાવવા માટે જરૂરી સૂચનો આપ્યા હતા.

સ્થળ મુલાકાત વખતે ધારાસભ્ય ઉદય કાનગડ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશ પીપળીયા, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વલ્લભ દુધાત્રા, સ્થાનિક કોર્પોરેટર, અગ્રણીઓ તેમજ રાજકોટ મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર, સિટી એન્જિનિયર અને સંબંધિત વિભાગના અધિકારીઓ હાજર રહ્યા હતા. રાજકોટ મહાનગરપાલિકા શહેરની વધતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પાયાની સુવિધાઓ સુદૃઢ કરવા માટે પ્રતિબદ્ધ છે.

### અગાઉ વ્યાજ ભરનારાઓને આગળના બિલમાં મળશે ક્રેડિટ : ગત વર્ષે ૪૬,૫૮૭ કરદાતાઓએ લીધો હતો યોજનાનો લાભ

# રાજકોટિયન્સને રાહત : ૨ મહિના માટે વ્યાજ માફી યોજના જાહેર



રાજકોટ, તા. ૩૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના કરદાતાઓને આર્થિક રાહત આપવા તેમજ બાકી નીકળતા મિલકત વેરા અને પાણી વેરાની સમયસર ભરપાઈ તરફ પ્રોત્સાહિત કરવાના હેતુથી વિશેષ વ્યાજ માફી યોજના અમલમાં મૂકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ યોજના તા.૦૧-૦૮-૨૦૨૬ થી તા.૩૦-૦૯-૨૦૨૬ દરમ્યાન (કુલ બે માસ માટે) કાર્યરત રહેશે.આ યોજના કરદાતાઓ માટે આર્થિક રીતે લાભદાયી સાબિત થશે અને સાથે મહાનગરપાલિકાના ચાલુ નાણાકીય વર્ષના વેરા વસૂલાતના લક્ષ્યાંકને ઝડપથી હાસલ કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. આ વ્યાજ માફી યોજનાની વિસ્તૃત માહિતી અને આંકડાકીય વિગતો આપવા માટે મહાનગરપાલિકા ખાતે પ્રેસ પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત વર્ષની વ્યાજ માફી યોજનાને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના આધારે ચાલુ નાણાકીય વર્ષ માટે નીચે મુજબના અંદાજો વ્યક્ત કરવામાં આવ્યા છે.

ચાલુ વર્ષે અંદાજે ૫૬,૦૦૦ કરદાતાઓ આ યોજનાનો લાભ લેશે. ગત વર્ષના ૪૬,૫૮૭ લાભાર્થીઓની સરખામણીએ આ આંકડો ૨૦ ટકા જેટલો વધુ છે. ગત વર્ષે રૂ. ૧૨.૭૬ કરોડનું વ્યાજ માફ કરાયું હતું. તે સરખામણીએ ચાલુ વર્ષે અંદાજે રૂ. ૧૫ કરોડ જેટલું વ્યાજ માફી સ્વરૂપે કરદાતાઓને મુક્ત કરવામાં આવશે. રાજકોટમાં હાલ કુલ આશરે ૬.૧૦ લાખ કરદાતાઓ નોંધાયેલા છે. વ્યાજ માફી યોજનાના અમલથી નિયમિત વેરો ભરતા કરદાતાઓની સંખ્યા વધીને ૫.૨૦ લાખ (આશરે ૮૫ ટકા) સુધી પહોંચવાની સંભાવના છે, જે ગત વર્ષના ૭૫ ટકાની તુલનાએ ૧૦ ટકાનો વધારો દર્શાવે છે.

### હવે ટ્રાફિકની તમામ ફરિયાદો માટે ડાયલ કરો એક જ ઈમરજન્સી નંબર - ‘૧૧૨’

# આજથી ટ્રાફિકની ફરિયાદો માટે હેલ્પલાઇન નંબર ૧૧૨ અમલી




ભારે વરસાદની આગાહી વચ્ચે વાહનચાલકોની સુવિધા માટે વિશેષ સૂચનાઃ વરસાદી માહોલમાં ટ્રાફિકની ફરિયાદ માટે પણ ૧૧૨ હેલ્પલાઇન ઉપીયોગી રહેશે

ગાંધીનગર, તા.૩૧

નાગરિકોની સુવિધા અને ઝડપી પ્રતિસાદ માટે ગુજરાત પોલીસ દ્વારા ટ્રાફિક ફરિયાદો માટેનો અલગ નંબર હવે સમગ્ર દેશમાં કાર્યરત ૧૧૨ હેલ્પલાઇન સાથે મર્જ કરવામાં આવ્યો છે. તા. ૦૧ ઓગસ્ટ ૨૦૨૬ થી ટ્રાફિક સંબંધિત તમામ ટેલિફોનિક ફરિયાદો અને રજૂઆતો માત્ર ૧૧૨ પર જ નોંધાવી શકાશે.

ટ્રાફિક સંબંધિત ફરિયાદો માટે કાર્યરત જૂના ટોલ-ફ્રી નંબર (૧૮૦૦ ૨૩૩ ૧૧૨૨) પર પ્રમાણમાં ખૂબ ઓછી ફરિયાદો આવતી હતી. ભારત સરકારની ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ હેઠળ તમામ ઈમરજન્સી સેવાઓને એક જ છત નીચે લાવવાના ભાગરૂપે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હેલ્પલાઇન નંબર બદલાયો છે, પરંતુ ઓનલાઇન અને એપ આધારિત ફરિયાદો માટેના અન્ય તમામ માધ્યમો યથાવત રહેશે.

રાજ્યના તમામ નાગરિકોને ભવિષ્યમાં ટ્રાફિક સંબંધિત તમામ ફરિયાદો, સૂચનો કે રજૂઆતો માટે ૧૧૨ હેલ્પલાઇનનો ઉપયોગ કરી વાહનવ્યવહાર અને ટ્રાફિક વ્યવસ્થાને સુચારુ રાખવામાં પોલીસ તંત્રને સહયોગ આપવા સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે, જેને પગલે વિવિધ વિસ્તારોમાં પાણી ભરાવા કે વૃક્ષો ધરાશાયી થવાને કારણે ટ્રાફિક જામની સમસ્યા સર્જાય ત્યારે પણ નાગરિકો ત્વરિત સહાય માટે ૧૧૨ નંબર પર સંપર્ક કરી શકશે. વરસાદી આફત કે ઈમરજન્સીના સમયે વાહનચાલકોને કોઈ મુશ્કેલી ન પડે અને ટ્રાફિકનું સુચારુ સંચાલન થઈ શકે તે માટે પોલીસ તંત્ર સજ્જ છે, આથી આવી પરિસ્થિતિમાં પણ હવેથી અલગ અલગ નંબર યાદ રાખવાને બદલે માત્ર એક જ ઈમરજન્સી નંબર ‘૧૧૨’ પર જ કોલ કરવાનો રહેશે તેવું જાહેર કરાયું છે.

# જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશનું મધરાતે સરપ્રાઈઝ ચેકિંગ

### ડિઝાસ્ટર કંટ્રોલરૂમની ઓચિંતી મુલાકાત લઈ કામગીરી કરી સમીક્ષા





રાજકોટ, તા.૩૧

જિલ્લામાં ભારે વરસાદની આગાહી વચ્ચે વહીવટી તંત્ર ’એલર્ટ મોડ’ પર તમામ તાલુકાઓના કંટ્રોલરૂમ, સેટેલાઈટ ફોન અને વરસાદી આંકડાઓના સંકલન અંગે કલેક્ટરે અધિકારીઓને આપ્યા જરૂરી દિશા-નિર્દેશો

રાજકોટ, તા. ૩૧ જુલાઈઃ રાજકોટ જિલ્લામાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે સમગ્ર જિલ્લા વહીવટી તંત્ર પૂરેપૂરું સજ્જ બન્યું છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશના સીધા માર્ગદર્શન અને નિર્દેશ હેઠળ ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમ સતત વિજિલન્ટ રહીને રાઉન્ડ ધ ક્લોક ’એલર્ટ મોડ’ પર કામગીરી કરી રહી છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને ખુદ કલેક્ટર ડો. ઓમ પ્રકાશે આજે મોડી મધરાત્રે કલેક્ટર કચેરી ખાતે કાર્યરત જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલરૂમની ઓચિંતી મુલાકાત લઈને તંત્રની સજ્જતાની ચકાસણી કરી હતી.

મધરાતે ડિઝાસ્ટર કંટ્રોલરૂમે પહોંચેલા કલેક્ટરએ ફરજ પર હાજર રહેલા કર્મચારીઓ અને અધિકારીઓ પાસેથી વર્તમાન પરિસ્થિતિ અંગેની પ્રાથમિક વિગતો મેળવી હતી. કલેક્ટરએ જિલ્લાના તમામ તાલુકા મથકોએ આવેલી ડિઝાસ્ટર સેલની કામગીરીનું સીધું મોનિટરિંગ કરી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ખાસ કરીને ઈમરજન્સી સમયમાં સંપર્ક જળવાઈ રહે તે માટે તમામ તાલુકા કંટ્રોલરૂમના હેલ્પલાઈન નંબરો એક્ટિવ છે કે નહીં, ઈમરજન્સી લિંક તરીકે વપરાતા સેટેલાઈટ ફોન ચાલુ અને કાર્યરત સ્થિતિમાં છે કે નહીં, તેમજ જિલ્લાભરમાં પડી રહેલા વરસાદના આંકડાઓ અને નીચાણવાળા વિસ્તારોની સ્થિતિનું સંકલન યોગ્ય રીતે થાય છે કે નહીં તે તમામ બાબતોનું કલેક્ટરએ સ્થળ પર જ ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું.

ઉચ્ચ અધિકારીઓએ હાલની સ્થિતિથી કલેક્ટરને વાકેફ કર્યા આ ઓચિંતી મુલાકાત દરમિયાન જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર મિતેશ લાડાણી તેમજ નાયબ મામલતદાર એ.ડી. મોરી ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સમગ્ર જિલ્લામાં કંટ્રોલરૂમ ખાતેથી કરવામાં આવી રહેલા રાઉન્ડ ધ ક્લોક સંકલન, મળતી માહિતીઓ અને તાલુકા સ્તરેથી આવતા અપડેટ્સ અંગે જિલ્લા કલેક્ટરને વિગતવાર માહિતગાર કર્યા હતા.

ડિઝાસ્ટર ટીમને પ્રોત્સાહિત કરી સતર્ક રહેવા અપીલ કોઈપણ આપાતકાલીન કે આફતના સમયે પ્રજાજનોની સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે તે માટે કલેક્ટરએ કંટ્રોલરૂમ ખાતે ફરજ બજાવતી ડિઝાસ્ટર મેનેજમેન્ટની આખી ટીમને વધુ ઉત્સાહ, ચોકસાઈ અને અસરકારકતાથી કામગીરી કરવા પ્રેરણા પૂરી પાડી હતી. ચોમાસાની આ મોસમ દરમિયાન જિલ્લામાં ક્યાંય પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને આપત્તિ સમયે ત્વરિત સહાય પહોંચાડી શકાય તે માટે સમગ્ર ડિઝાસ્ટર નેટવર્કને ચોવીસેય કલાક સતર્ક રહેવા કલેક્ટરએ સ્પષ્ટ સૂચનાઓ આપી હતી.

# રેડ એલર્ટ: રાજ્યની તમામ સરકારી-ખાનગી શાળાઓમાં આજે રજા

*(THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.)*

Advance

# ADVANCE TECHNOFORGE LIMITED

*(Scan this QR code to view Prospectus)*

**Corporate Identity Number (CIN): U28111GJ2013PLC076316**

Our Company was incorporated as a private limited company in the name and style of 'Advance Technoforge Private Limited' under the Companies Act, 1956, pursuant to a Certificate of Incorporation dated 5 August 2013 issued by the Registrar of Companies, Ahmedabad, Gujarat ("RoC"). Pursuant to a special resolution passed by our shareholders in the Extra Ordinary General Meeting held on 8 July 2024, our Company was converted into a public limited company and the name of our Company was changed to 'Advance Technoforge Limited' and a fresh Certificate of Incorporation dated 6 September 2024 was issued to our Company by the RoC. For further details on the changes in the name and registered office of our Company, see ***"History and Certain Corporate Matters"*** on page 145 of the Prospectus.

**Registered Office:** Sr. No.121, Plot No.1 to 6, At. & Po. Padavala Road, Opp. Eaterflow Piping System, Veraval Shapar, Lodhika, Rajkot, Gujarat, India, 360024
**Website:** www.advancetechforge.com, **E-Mail:** cs@advancetechforge.com; **Telephone No:** +91 98253 68310; **Contact Person:** Ms. Payal Bansal, Company Secretary and Compliance Officer.

**OUR PROMOTERS: NILESH SHAMBHUBHAI MOLIYA, PRADIPBHAI BHIKHABHAI VORA, DAXABEN NILESHBHAI MOLIYA, KAJAL ALPESHBHAI MOLIYA, SHRADDHABEN PRADIPBHAI VORA**

## BRIEF DESCRIPTION OF THE ISSUER COMPANY

Our Company is primarily engaged in manufacturing of forged steel machined components of Carbon Steel, Alloy Steel and Stainless Steel, specializing in Closed Die Forging, Upset Forging and Ring Rolling Forging in both rough and precision machined conditions. We are supplying these products to automotive, general engineering, oil & gas, earth moving and heavy machinery industries. The Issue is being made through the Fixed Price Process, in compliance with chapter IX under Regulation 229(1) of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended from time to time (**"SEBI ICDR Regulations"**).

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC ISSUE OF 25,29,600 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("EQUITY SHARES") OF ADVANCE TECHNOFORGE LIMITED (THE "COMPANY" OR THE "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ 95.00 PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ 85.00 PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ 2,403.12 LAKHS ("THE ISSUE") OF WHICH 1,29,600 EQUITY SHARES AGGREGATING TO ₹ 123.12 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION I.E., NET ISSUE OF 24,00,000 EQUITY SHARES AGGREGATING TO ₹ 2,280.00 LAKHS (THE "NET ISSUE"). THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 28.01% AND 26.58% RESPECTIVELY OF THE POST ISSUE PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY. FOR FURTHER DETAILS, PLEASE REFER TO CHAPTER TITLED "TERMS OF THE ISSUE" ON PAGE 284 OF THE PROSPECTUS.**
**THE FACE VALUE OF THE EQUITY SHARES IS ₹ 10 EACH AND THE ISSUE PRICE IS 9.5 TIMES OF THE FACE VALUE.**

## FIXED PRICE ISSUE AT ₹ 95.00 PER EQUITY SHARE

## MINIMUM APPLICATION SIZE OF 2,400 EQUITY SHARES AND IN MULTIPLES OF 1,200 EQUITY SHARES THEREAFTER

## OFFER PROGRAMMME

**OFFER OPENS ON: MONDAY, JULY 27, 2026**
**OFFER CLOSES ON: WEDNESDAY, JULY 29, 2026**

## RISKS TO INVESTORS:

1. **Risk to Investors: Summary description of key risk factors based on materiality are as below:**

I. We rely heavily on a group of customers for a significant portion of our operational revenue. The loss of any one or more of these key customers could have a substantial negative impact on our business, operations, and financial stability.
II. We rely on a limited number of suppliers for the steel required as our primary raw material. Additionally, we do not have fixed supply agreements with these suppliers. If they fail to meet our needs, it could negatively impact our business. Further, any volatility in the prices of our raw material may affect our Company.
III. The Company's manufacturing capacity is underutilized and any inability to achieve optimal capacity utilization may adversely affect its business, operations and financial performance.
IV. Our indebtedness, including various conditions and restrictions imposed on us by our financing agreements, could adversely affect our ability to react to changes in our business, and we may be limited in our ability to raise fresh debt to fund future capital needs.
V. Any inability on our part to comply with prescribed technical specifications and standards of quality in connection with our products could adversely impact our operations and profitability.
VI. In the normal course of business, we require various approvals, NOCs, licenses, registrations, and permits. Pursuant to the change of name of the Company from Advance Technoforge Private Limited to Advance Technoforge Limited, these approvals, licenses, etc. need to be transferred in the new name of our Company. Any failure or delay in completing these transfers / renewing them in a timely manner may negatively impact our operations.
VII. If we are unable to compete effectively with our competitors, it could have a negative impact on our business, financial position, and operational results.
VIII. Failures in internal control systems could cause operational errors which may have an adverse effect on our reputation, business, results of operations, financial condition and cash flows.
IX. Bank statements and payment trails relating to a past Rights Issue allotment undertaken on January 22, 2014 are not traceable, which may expose us to regulatory scrutiny and/or adverse consequences.
X. Our business is inherently working capital-intensive, requiring significant working capital due to the time lag between procuring raw materials, producing finished goods, and collecting payments from customers. We may require additional capital and financing in the future and operations could be curtailed if our Company is unable to obtain the required additional capital and financing when needed or any inability to manage working capital efficiently or to raise timely and cost-effective financing may adversely affect our business, financial condition, cash flows, and results of operations.

For more details, please refer "*Risk Factors*" on page 24 of the Prospectus.

2. Details of suitable ratios of the company and its peer group:

| Name of the company | Standalone / Consolidated | Face Value (₹) | Price / Revenues | Price/ Earning (P/E)** | Enterprise Value/ EBITDA | Earning Per Share (EPS) (Diluted) (₹) | Net Asset Value (NAV) per Equity Share (₹) | Return on Net worth (RoNW) (%) | Return on Capital Employed |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Advance Technoforge Limited | Standalone | 10 | 1.23 | 15.22 | 9.46 | 6.24 | 20.59 | 30.33% | 22.52% |
| **Peer Group:** | | | | | | | | | |
| Tirupati Forge Limited | Standalone | 2 | 3.15 | 93.56 | 28.34 | 0.51 | 10.53 | 5.24% | 4.76% |
| Forge Auto International Limited | Standalone | 10 | 0.33 | 9.39 | 5.09 | 9.91 | 63.23 | 17.00% | 18.06% |

**Information is based as per available financials for FY 2026 of the Peers from the stock exchange. For the Company, information is based on latest full year fiscal as per the Restated Financial Statements for FY 2026.*
*** Price is taken as closing price on NSE Limited as on 15 June 2026 (i.e. Forge Auto International Limited's price is ₹ 93.10 on 15th June 2026 and Tirupati Forge Limited's price is ₹ 46.78 on 15th June 2026, respectively.*

**3. Weighted average return on net worth for the last 3 FYs:**

| Financial period | RoNW (%) | Weight |
|---|---|---|
| Fiscal 2026 | 30.33% | 3 |
| Fiscal 2025 | 28.20% | 2 |
| Fiscal 2024 | 24.62% | 1 |
| **Weighted Average** | 28.67% | |

4. **Disclosures as per clause (9)(K)(4) of Part A to Schedule VI, as applicable.**

A. **The price per share of our Company based on the primary/ new issue of shares (equity / convertible securities), excluding shares issued under ESOP/ESOS and issuance of bonus shares, during the 18 months preceding the date of the Prospectus, where such issuance is equal to or more than 5% of the fully diluted paid-up share capital of the Company in a single transaction or multiple transactions combined together over a span of rolling 30 days ("Primary Issuances").**
Not applicable **("NA")** as our Company has not issued any Equity Shares or convertible securities ("Security(ies)") during the 18 months preceding the date of the Prospectus.

B. **Price per share of the Company based on secondary sale or acquisition of equity shares or convertible securities (excluding gifts) involving any of the Promoters, members of the Promoter Group or Shareholders with rights to nominate directors during the 18 months preceding the date of filing of the Prospectus, where the acquisition or sale is equal to or more than 5% of the fully diluted paid-up share capital of our Company, in a single transaction or multiple transactions combined together over a span of rolling 30 days ("Secondary Transactions").**
Not applicable as there have been no secondary sale / acquisitions of Equity Shares, where the Promoters, members of the Promoter Group, shareholder(s) having the right to nominate director(s) on the Company's Board are a party to the transaction, during the 18 months preceding the date of the Prospectus.

C. **Since there are no such transaction to report to under (A) and (B), the following are the details basis the last five primary and secondary transactions (secondary transactions where Promoters, and Promoter Group or shareholder(s) having the right to nominate director(s) on our Board, are a party to the transaction), not older than three years prior to the date of the Prospectus irrespective of the size of transactions:**

| Date of Allotment | No. of Equity Shares allotted | Face Value (₹) | Issue Price (₹) | Nature of Consideration | Nature of Allotment | Total Consideration (₹) |
|---|---|---|---|---|---|---|
| **Primary Issuances** | | | | | | |
| **September 28, 2024** | **60,00,000** | **10** | **-** | **NA** | **Bonus Issue** | **NA** |
| **Weighted average cost of acquisition (WACA) (primary issuances) (₹ per Equity Share)** | | | | | | **Nil** |

**Secondary Transactions**

| Date | No. of Shares | Face Value | Transfer Price | Mode of Consideration | Name of Transferee | Total Consideration |
|---|---|---|---|---|---|---|
| 01-02-2024 | 12,500 | 10 | 125 | Cash | Tulsibhai Dhanani Transferred to Daksha Moliya | 15,62,500 |
| 30-03-2024 | 1,000 | 10 | 125 | Cash | Tulsibhai Dhanani Transferred to Rohit Bhuva | 1,25,000 |
| 30-03-2024 | 9,000 | 10 | 125 | Cash | Tulsibhai Dhanani Transferred to Rohit Bhuva | 11,25,000 |
| Weighted average cost of acquisition (WACA) (secondary transactions) (₹ per Equity Share): 125 | | | | | | |

D. **The Issue Price is below mentioned times of the weighted average cost of acquisition based on Primary Issuances/ Secondary Transactions, as set out above in paragraph A & B or C above, are set out below:**

| Past Transactions | Weighted average cost of acquisition (WACA)(₹) | Times of Issue Price (i.e. ₹ 95.00) |
|---|---|---|
| WACA of Primary issuances (A) | NA | NA |
| WACA of Secondary transactions (B) | NA | NA |
| WACA of Primary issuances (C) | NA | NA |
| WACA of Secondary transactions(C) (excluding bonus issue impact) | 125 | 1.32 |
| WACA of Secondary transactions(C) (including bonus issue impact) | 9.61 | 0.10 |

E. **Explanation for Issue Price being times of weighted average cost of acquisition of primary issuance price / secondary transaction price of Equity Shares along with our Company's key performance indicators and financial ratios for the Financial Years 2026, 2025 and 2024.**
The EBITDA of the Company on restated basis has been ₹ 835.35 lakhs in the financial year 2026, ₹ 551.72 lakhs in the financial year 2025, and ₹ 385.79 lakhs in the financial year 2024, which is showing total growth of 116.53% from FY 2024 to FY 2026. The PAT of the Company on restated basis has been ₹ 405.86 lakhs in the financial year 2026, ₹ 269.67 lakhs in the financial year 2025, and ₹ 170.49 lakhs in the financial year 2024, which is showing total growth of 138.06% from FY 2024 to FY 2026. Further, Book Value per Share of the Company on restated basis has been ₹ 20.59 in the financial year 2026, ₹ 14.71 in the financial year 2025, and ₹ 10.66 in the financial year 2024, which is showing total growth of 93.15% from FY 2024 to FY 2026. Further, the last secondary transaction was on March 30, 2024 at ₹ 125.00 per Share which was before the bonus issue.
The Independent Directors noted that it is a Fixed Price Issue and the Issue Price is justified based on quantitative factors and key financial and operational performance indicators (KPIs) vis-a-vis the weighted average cost of acquisition of primary and secondary transactions as disclosed in the *"Basis for Issue Price"* on page 102 of the Prospectus.

## PROPOSED LISTING: MONDAY, AUGUST 03, 2026

The Equity Shares are proposed to be listed on the SME platform of BSE Limited i.e. BSE SME, in terms of the Chapter IX of the Securities and Exchange Board of India (Issue of Capital and Disclosure Requirements) Regulations, 2018, as amended **("SEBI ICDR Regulations")**. Our Company has received an In-principle approval from BSE Limited **("BSE")** for listing the Shares pursuant to letter dated March 30, 2026. The investors are advised to refer to page no. 277 of the Prospectus for the full text of the "Disclaimer Clause of the SME Platform of BSE Limited". The Designated Stock Exchange is BSE for this Issue. The trading or date of listing is proposed to be commenced on Monday, August 03, 2026 (subject to receipt of listing and trading approvals from the BSE).
The Issue is being made through the Fixed Price process and the allocation in the Net Issue to the Individuals Investors category is made pursuant to Regulation 253(3) of the SEBI ICDR Regulations, wherein a minimum of 50% of the Net Issue to the Public is initially made available for allotment to Individual Investors. The balance of Net Issue to the Public is made available for allotment to Individual Applicants other than Individual Investors and other Investors including Corporate Bodies / Institutions irrespective of number of Shares applied for.
All potential investors participated in the Issue only through an Application Supported by Blocked Amount **("ASBA")** process including through UPI mode (as applicable) by providing details of the irrespective bank accounts and / or UPI IDs, in case of Individual Investors, if applicable, by the Self Certified Syndicate Banks **("SCSBs")**.

## SUBSCRIPTION DETAILS

**Detail of the Applications Received**

| Sr. No. | Category | Gross | | Less: Rejections | | Valid | |
|---|---|---|---|---|---|---|---|
| | | Applications | Equity Shares | Applications | Equity Shares | Applications | Equity Shares |
| 1 | Non-Institutional Investors | 127 | 536,400 | 4 | 19,200 | 123 | 517,200 |
| 2 | Market Makers | 1 | 129,600 | 0 | 0 | 1 | 129,600 |
| 3 | Individual Investors | 1,349 | 3,237,600 | 13 | 31,200 | 1,336 | 3,206,400 |
| | **Totals** | **1,477** | **3,903,600** | **17** | **50,400** | **1,460** | **3,853,200** |

The Basis of Allotment was finalized in consultation with the BSE, the Designated Stock Exchange pursuant to Regulation 253(3) of the SEBI ICDR Regulations on July 30, 2026, as under:

a. **Allocation to Market Maker (After Technical Rejections & Withdrawals):** The Basis of Allotment to the Market Maker, at the Issue Price of ₹. 95 per Share, was finalised in consultation with the BSE. The category was subscribed by 1.00 time. The total number of Shares allotted in this category is 1,29,600.

| Sr. No | No. of Shares applied for | Number of applications received | % to total | No. of Shares applied | % to total | Proportionate shares available | Allocation per Applicant | | Ratio of allottees to applicants | | Number of Successful applicants (after rounding off) | Total No. of Shares allocated / allotted |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | Before rounding off | After rounding off | | | | |
| 1 | 129,600 | 1 | 100.00 | 129,600 | 100.00 | 129,600 | 129,600 | 129,600 | 1 | 1 | 1 | 129,600 |

b. **Allocation to Individual Investors (After Technical Rejections & Withdrawals):** The Basis of Allotment to the Individual Investors, at the Issue Price of ₹. 95 per Share, was finalised in consultation with the BSE, the total number of Shares allocated in this category is 1,884,000 Shares (i.e. including spilled over of 682,800 Shares from Other than Individual Investors and an increase of 1,200 Equity Shares on the Issue Size, for the purpose of allotment). This category was subscribed by 1.70191 time and details of the Basis of Allotment are as under:

| Sr. No | No. of Shares applied for | Number of applications received | % to total | No. of Shares applied | % to total | Proportionate shares available | Allocation per Applicant | | Ratio of allottees to applicants | | Number of Successful applicants (after rounding off) | Total No. of Shares allocated / allotted |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | Before rounding off | After rounding off | | | | |
| 1 | 2,400 | 1336 | 100 | 3,206,400 | 100 | 1,884,000 | 1,410 | 2,400 | 104 | 177 | 785 | 1,884,000 |

c. **Allocation to Other than Individual Investors Category (After Technical Rejections & Withdrawals):** The Basis of Allotment to the Other than Individual Investors, at the Issue Price of ₹. 95 per Share, was finalised in consultation with the BSE. The total number of shares allocated in this category is 5,17,200 Shares. The category was subscribed by 0.43100 times and details of the Basis of Allotment are as under:

| Sr. No | No. of Shares applied for | Number of applications received | % to total | No. of Shares applied | % to total | Proportionate shares available | Allocation per Applicant | | Ratio of allottees to applicants | | Number of Successful applicants (after rounding off) | Total No. of Shares allocated / allotted |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | Before rounding off | After rounding off | | | | |
| 1 | 3,600 | 88 | 71.54 | 3,16,800 | 61.25 | 7,35,035 | 8,352.67 | 3,600 | 1 | 1 | 88 | 3,16,800 |
| 2 | 4,800 | 27 | 21.95 | 1,29,600 | 25.06 | 3,00,696 | 11,136.89 | 4,800 | 1 | 1 | 27 | 1,29,600 |
| 3 | 6,000 | 2 | 1.63 | 12,000 | 2.32 | 27,842 | 13,921.11 | 6,000 | 1 | 1 | 2 | 12,000 |
| 4 | 7,200 | 1 | 0.81 | 7,200 | 1.39 | 16,705 | 16,705.34 | 7,200 | 1 | 1 | 1 | 7,200 |
| 5 | 8,400 | 1 | 0.81 | 8,400 | 1.62 | 19,490 | 19,489.56 | 8,400 | 1 | 1 | 1 | 8,400 |
| 6 | 10,800 | 4 | 3.25 | 43,200 | 8.35 | 1,00,232 | 25,058.00 | 10,800 | 1 | 1 | 4 | 43,200 |
| | **TOTAL** | **123** | **100.00** | **517,200** | **100** | | | | | | **123** | **517,200** |

The Board of Directors of the Company at its meeting held on July 30, 2026, has taken on record the Basis of Allotment of the Shares, as approved by the BSE, the Designated Stock Exchange and has authorized the corporate action for the allotment of the Shares to various successful applicants.
The CAN and/or allotment advice and/or notices to be dispatched to the email/address of the investors as registered with the depositories on or before July 30, 2026. Further, the instructions to the SCSBs for unblocking of funds and/or transfer to the Public Issue Account is processed on or before July 30, 2026. In case the same is not received within prescribed time, investors may contact the Registrar to the Issue. The Shares allotted to successful applicants to be credited on or before July 31, 2026 to their beneficiary demat accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Shares admitted for trading on the SME Platform of BSE within 3 working days from the closure of the Issue.
**Note:** All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus.

## INVESTORS, PLEASE NOTE

The details of the allotment made has been hosted on the website of the Registrar to the Issue, **KFin Technologies Limited at Website:** www.kfintech.com. All future correspondence in this regard may be addressed to the Registrar to the Issue quoting full name of the First/Sole Applicant, Serial number of the Application Form, Number of Shares Applied for and Bank Branch where the Application had been lodged and payment details at the address given below:

KFINTECH
EXPERIENCE TRANSFORMATION

**KFIN TECHNOLOGIES LIMITED**
301, The Centrium, 3rd Floor, Lal Bahadur Shastri Road, Nav Pada, Kurla (West), Mumbai - 400070, Maharashtra
**Tel. No.:** +91 40 6716 2222; **Email:** advancetech.ipo@kfintech.com;
**Website:** www.kfintech.com **Contact Person:** M Murali Krishna

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF THE COMPANY.**
**DISCLAIMER:** ADVANCE TECHNOFORGE LIMITED, is proposing, subject to appliable statutory regulatory requirements, receipt of requisite approvals, market conditions and other conditions, to make an initial public offer of its Equity Shares and has filed the Prospectus dated July 20, 2026 with RoC, SEBI and the BSE. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the BSE at www.bseindia.com and the Lead Manager i.e. Sun Capital Advisory Services Private Limited at www.suncapitalservices.co.in. The investors should note that investment in Equity Shares involves a high degree of ask. For more details, investors should refer to the Prospectus including the section titled '*Risk Factors*' on page 24 of the Prospectus.

**Date:** July 31, 2026
**Place:** Rajkot

**Issued for Advance Technoforge Limited**
**Sd/-**
**Nilesh Shambhubhai Moliya**
**Designation:** Managing Director
**DIN:** 03480165

રાજકોટ મિરર તંત્રીની કલમે

# વળતર કળતર

## વેરામાં વળતર આવકાર્ય,પણ કાયમી સમસ્યાની કળતર દૂર કરો



રાજકોટ મહાપાલિકાના રેઢિયાળ તંત્રને દોડતું કરવા માટે મેયર સતત મહેનત કરી રહ્યા છે. તાજેતરમાં મિલકત વેરાના વ્યાજમાં રાહત જાહેર કરીને તેમણે પોતાની લોકનિષ્ઠાનો સુંદર પરિચય આપ્યો છે. પ્રજા માટે વેરા વળતરની આ યોજના ખરેખર આવકાર્ય છે. પરંતુ લોકોની મુખ્ય જરૂરિયાત તેમની રોજબરોજની કળતર દૂર કરવાની છે.

મહાપાલિકા અને અન્ય સરકારી તંત્રોને લગતી જાહેર સમસ્યાઓ આજે પણ યથાવત છે. રસ્તા પરના ખાડા, પીવાના પાણીની અનિયમિતતા, ગટરની સમસ્યાઓ અને ટ્રાફિક, દબાણનો ત્રાસ લોકોને સતત પરેશાન કરે છે. આ રોજબરોજની મુશ્કેલીઓ પ્રજા માટે એક માનસિક અને શારીરિક કળતર સમાન બની ગઈ છે. વેરામાં મળતી આર્થિક રાહત ચોક્કસપણે સારી છે. પરંતુ જો કાયમી સમસ્યાઓનો ઉકેલ ન આવે, તો આ વળતર અડધું જ ઉપયોગી સાબિત થાય છે.

મેયરે અત્યાર સુધી આક્રમકતા અને લોકનિષ્ઠા બંને દર્શાવ્યા છે. હવે તેમણે સમગ્ર રાજકોટના કલ્યાણ માટે વધુ વિશેષ પ્રયત્નો કરવા પડશે. તેમણે જુદા જુદા વિભાગો અને તંત્રો સાથે યોગ્ય સંકલન સાધવું પડશે. વિવિધ તંત્રોનો સહયોગ લઈને પ્રજાને રોજબરોજની તકલીફોમાંથી મુક્તિ અપાવવી પડશે.

આ ઉપરાંત, મેયરે શાસક પક્ષના કોર્પોરેટર્સની જવાબદારી પણ નક્કી કરવી જોઈએ. દરેક વોર્ડના કોર્પોરેટર પોતાના વિસ્તારની સમસ્યાઓ માટે સીધા જવાબદાર બને તે જરૂરી છે. જ્યારે તંત્ર અને શાસન બંને એકસાથે જવાબદાર બનશે, ત્યારે જ સાચું પરિવર્તન આવશે. પ્રજા પણ આ બદલાવની આતુરતાથી રાહ જોઈ રહી છે.

જો મહાપાલિકાનું તંત્ર પારદર્શક, ઝડપી અને ભરોસાપાત્ર બને તો રાજકોટનો ચહેરો બદલાઈ શકે છે. વ્યાજ વળતર જેવા નિર્ણયોથી પ્રજાને ક્ષણિક રાજીપો મળે છે. પરંતુ કાયમી સુવિધાઓથી પ્રજાનો તંત્ર પરનો વિશ્વાસ મજબૂત થાય છે. મેયરના નેતૃત્વ હેઠળ જો આ કાયમી સમસ્યાઓનો આત્યંતિક ઉકેલ આવે, તો રાજકોટની દશા અને દિશા બંને બદલાઈ જશે. પ્રજાને સાચા અર્થમાં વળતર સાથે શાંતિ મળશે.

# શું ઝારખંડમાં પેપર લીક સામે દિલ્હીની જેમ વિદ્યાર્થીઓનો વિરોધ થશે?

## પોલીસ ફોર્સ એલર્ટ પરઃ રાંચીના દરબારમાં સ્થિત જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે સેંકડો વિદ્યાર્થીઓ અનિશ્ચિતકાળના સત્યાગ્રહ આંદોલન પર બેઠા છે




નવીદિલ્હી, તા. ૩૧

ઝારખંડમાં ઉંઝ્જી અને ઉંજ્જી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને વિસંગતતાઓને લઈને વિદ્યાર્થીઓ દ્વારા હિંસક વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. રાંચીના કોર્ટમાં આવેલા જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે સેંકડો વિદ્યાર્થીઓ અનિશ્ચિત સમય માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આંદોલનકારી વિદ્યાર્થીઓને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા, અઉંજ્બ પાર્ટીની યુવા પાંખ અને ઉંકઊખ પાર્ટી સહિત વિવિધ રાજકીય પક્ષોનો ટેકો મળી રહ્યો છે. ૩૦ જુલાઈના રોજ, અઉંજ્બ વિદ્યાર્થી પાંખે જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમથી લોક ભવન સુધી કૂચ કરી, માંગ કરી કે ઉંઝ્જી અને ઉંજ્જી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને વિસંગતતાઓની તપાસ ઈઈઉ ને બદલે ઈઈઈ દ્વારા કરવામાં આવે અને ૧૪મી ઉંઝ્જી ઝ્ઝ પરીક્ષા રદ કરવામાં આવે અને ફરીથી લેવામાં આવે, જેમાં કથિત ગેરરીતિનો આરોપ મૂકવામાં આવ્યો.ઉંઝ્જી અને ઉંજ્જી પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર સામે વિદ્યાર્થીઓના ઉગ્ર વિરોધને ધ્યાનમાં રાખીને, રાજ્ય ગુપ્તચર એજન્સી, સ્પેશિયલ બ્રાન્ચે, રાજધાની રાંચી સહિત ઝારખંડના તમામ જિલ્લાઓમાં ડેપ્યુટી કમિશનરો (ઉઈત), જ્જ્ત, પોલીસ અધિક્ષકો (જ્જ્ત) અને રેલ્વે પોલીસ સહિત તમામ સંબંધિત અધિકારીઓને સતર્ક રહેવા સૂચનાઓ જારી કરી છે. અનિશ્ચિત હડતાળ પર ઉતરેલા વિદ્યાર્થીઓ, ઝારખંડ વિધાનસભાના ચોમાસા સત્ર દરમિયાન ૬ ઓગસ્ટના રોજ ઝારખંડ વિધાનસભાનો ઘેરાવ કરવાની યોજના બનાવી રહ્યા છે. તેમને અનેક રાજકીય પક્ષો તરફથી સમર્થન મળી શકે છે. ઘેરાબંધી દરમિયાન ઝારખંડના વિવિધ જિલ્લાઓમાંથી હજારો વિદ્યાર્થીઓ પહોંચશે. કોઈપણ અનિચ્છનીય ઘટનાને પહોંચી વળવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વિભાગને એલર્ટ પર રાખવામાં આવ્યો છે.૧૪મી ઉંઝ્જી પ્રિલિમિનરી પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. જોકે, ઝારખંડ પબ્લિક સર્વિસ કમિશન (ઉંઝ્જી) એ ઝારખંડ કમ્બાઈન્ડ સિવિલ સર્વિસીસ મેઈન (લેખિત) સ્પર્ધાત્મક પરીક્ષા ૨૦૨૫ મુલતવી રાખી છે. ઉંઝ્જીના ભૂતપૂર્વ ચેરમેન એલ., ની નિમણૂક કરવામાં આવી છે. ખિયાંગટેએ રાજીનામું આપી દીધું છે, અને ઈઈઉ ઉંઝ્જી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓની તપાસ કરી રહી છે.ઈઈઉ અને રાંચી પોલીસની ટીમોએ ઉંઝ્જી ઓફિસ તેમજ ખિયાંગટેના નિવાસસ્થાને દરોડા પાડ્યા હતા. અત્યાર સુધીમાં, ઈઈઉ એ લગભગ એક ડઝન લોકોની ધરપકડ કરી છે. રાંચી શહેરના પોલીસ અધિક્ષક પારસ રાણાએ જણાવ્યું હતું કે, ''પોલીસ વહીવટીતંત્ર વિદ્યાર્થીઓને વિરોધ કરતા અટકાવશે નહીં, પરંતુ જો તેઓ હિંસક બનશે તો કાર્યવાહી કરવામાં આવશે. અમે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. અમે વિરોધના નામે અરાજકતાપૂર્ણ પરિસ્થિતિ ઊભી થવા દઈશું નહીં.'' રાંચીના કોર્ટ જિલ્લામાં જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમ ખાતે સેંકડો વિદ્યાર્થીઓ અનિશ્ચિત સમય માટે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આંદોલનકારી વિદ્યાર્થીઓને વિવિધ રાજકીય પક્ષો તરફથી પણ સમર્થન મળી રહ્યું છે. વિદ્યાર્થી વિરોધને ધ્યાનમાં રાખીને પોલીસ હાઇ એલર્ટ પર છે.

# સંપત્તિ,ખ્યાતિ અને સન્માન મળ્યું

## ટ્રોલિંગ પર કંગના રનૌતનું નિવેદન : તેમનું કહેવું છે કે જો કોઈને કોઈ વાંધો હોય તો તેમણે પોતાનો રસ્તો પસંદ કરવો જોઈએ અને પરિણામ જોવું જોઈએ



નવીદિલ્હી, તા. ૩૧

ભાજપ સાંસદ કંગના રનૌતે ટ્રોલ થવા અંગેના એક પ્રશ્નના જવાબમાં કહ્યું, ''આપણે જે રીતે આપણું જીવન જીવીએ છીએ અને જે પાઠ આપણે આપણા બાળકોને શીખવીએ છીએ તે જ સિદ્ધાંતો છે જેના કારણે આજે મને સફળતા, સામાજિક સન્માન, દરજ્જો, સંપત્તિ અને ખ્યાતિ મળી છે.'' તેણીએ ઉમેર્યું, ''હું બીજા લોકોના બાળકો માટે પણ એ જ સિદ્ધાંતોની હિમાયત કરું છું. એવું નથી કે મારા પોતાના પરિવાર માટે અલગ નિયમો છે અને બીજા લોકોના બાળકો માટે અલગ નિયમો છે. હું મારા પુત્રો અને પુત્રીઓને કેમેરા પર જે કહું છું તે જ કહું છું. જો તમને કોઈ વાંધો હોય, તો તમે જે ઇચ્છો તે કરો અને જુઓ કે તમે જીવનમાં ક્યાં પહોંચો છો.'' તેણીએ સમજાવ્યું, ''મેં ફક્ત તે જ શેર કર્યું છે જે મારા માટે કામ કરે છે. શક્ય છે કે બીજું કંઈક બીજા માટે કામ કરે, પરંતુ હું તેમના અનુભવો વિશે વાત કરી શકતી નથી. તેથી, જો આ બાબતો તમારા સાથે સુસંગત હોય, તો તેમને અપનાવો; જો નહીં, તો પછી તમને જે યોગ્ય લાગે તે કરો.''પોતાને ''વંદો'' કહેનારા વિરોધીઓનો ઉલ્લેખ કરતા, કંગનાએ કહ્યું, ''ભારત વિવિધ પ્રકારના સુંદર લોકોથી ભરેલું છે.'' આ એવા લોકોનો દેશ છે જે શિષ્ટાચાર અને સાંસ્કૃતિક સમજણથી બંધાયેલા છે. તમે તમારી જાતને વંદો કહો છો અને છતાં તમે તેના જેવા દેખાવ છો અને વર્તન કરો છો. આમાં કોઈ વિરોધાભાસ કે વિરોધાભાસ નથી; તમે ફક્ત તમારી ગંદકી, કચરો અને કદરૂપુંતા દુનિયા સમક્ષ રજૂ કરી રહ્યા છો. હું આ રીલ્સથી પરેશાન છું. મારે સ્વસ્થ થવાની અને ડિજિટલ ડિટોક્સ પર જવાની જરૂર છે.'' બીજી એક વિવાદાસ્પદ ટિપ્પણીમાં, કંગનાએ વિરોધ પ્રદર્શનમાં સામેલ ''હિન્દુ મહિલાઓ'' પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો.કંગના રનૌતે ટ્રોલ થવાનો પોતાનો અનુભવ શેર કર્યો. તેણીએ કહ્યું કે તેણીએ તેના જીવન અને તેના બાળકોને જે સિદ્ધાંતો શીખવ્યા છે તે તેની સફળતા, આદર અને ખ્યાતિનો પાયો છે. તે દરેક માટે આ જ સિદ્ધાંતોની હિમાયત કરે છે. તેણી કહે છે કે જો કોઈને વાંધો હોય, તો તેણે પોતાનો રસ્તો પસંદ કરવો જોઈએ અને પરિણામો જોવું જોઈએ. બોલિવૂડ અભિનેત્રી અને ભાજપ સાંસદ કંગના રનૌતે વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે, જેમાં ગઊઊઝ પેપર લીક સામે જંતર-મંતર પર ઋ-ઋ વિરોધ પ્રદર્શનો અને ઈઉંઙ વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેણીએ વિરોધીઓને ''ગટર પેઢી'' કહ્યા છે. એક અલગ નિવેદનમાં, ઈઉંઙ સાંસદે કહ્યું, ''અરે! આ લોકોને કોણ બનાવી રહ્યું છે અને તેમનું પાલનપોષણ કોણ કરી રહ્યું છે?'' કંગનાએ કહ્યું કે આ યુવાનો ન તો અભ્યાસમાં સારા છે, ન તો સુંદર, ન તો તેમની માનસિકતા સારી છે.

# રામ મંદિર અંગે સંસદમાં અનોખું પ્રદર્શન

## ડિમ્પલ યાદવે દાનપેટી મૂકી, પપ્પુ યાદવે સંતનો વેશ ધારણ કર્યો અને રાહુલ ગાંધીએ દાન આપ્યું

નવીદિલ્હી, તા. ૩૧

પેપર લીક પર થયેલા હોબાળા બાદ હવે વિપક્ષી પાર્ટીઓ અયોધ્યામાં રામ મંદિર માટે દાન ચોરીનો મુદ્દો ઉઠાવી રહી છે. શુક્રવારે વિપક્ષી પાર્ટીઓએ સંસદ સંકુલમાં એક અનોખો વિરોધ પ્રદર્શન કર્યો. સ્વતંત્ર સાંસદ પપ્પુ યાદવ સંતના વેશમાં પહોંચ્યા અને અન્ય સાંસદો સાથે મળીને દાન ચોરીના મુદ્દા પર ટૂંકી રજૂઆત કરી. આ રજૂઆત દ્વારા વિપક્ષે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર નિશાન સાધ્યું અને આ મુદ્દા પર સંસદીય ચર્ચા અને જવાબદારીની માંગ કરી. રાજેશ રંજન, જેને પપ્પુ યાદવ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બિહારના પૂર્ણિયાના સ્વતંત્ર સાંસદ, પૂજારીના વેશમાં, સંસદના મકર દ્વાર પર પહોંચ્યા અને દાન પેટી લઈને થોડીવાર ત્યાં બેઠા. સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે દાન પેટી પપ્પુ યાદવ પાસે મૂકી, જે પૂજારીના વેશમાં હતા. થોડા સમય પછી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ પણ દાન પેટીમાં કેટલાક પૈસા દાનમાં આપ્યા. અન્ય ઘણા સાંસદોએ પણ દાન આપ્યું.

તેમના વિરોધ દરમિયાન, જ્યારે રાહુલ ગાંધી સહિત ઘણા નેતાઓ દાન પેટીમાં પૈસા નાખવા ગયા, ત્યારે સાંસદ પપ્પુ યાદવે તેને ખિસ્સામાં નાખી દીધી. તેમણે એવો સંકેત આપવાનો પ્રયાસ કર્યો કે રામ મંદિર માટેના દાન પણ આવી જ રીતે ચોરાઈ ગયા છે. ત્યારબાદ ઘણા વિપક્ષી સભ્યોએ પપ્પુ યાદવને ઘેરી લીધા અને તેમને ચોર અને ચોર કહ્યા. આ વિરોધનો જવાબ આપતા, ફૈઝાબાદના સમાજવાદી પાર્ટીના સાંસદ અવધેશ પ્રસાદે કહ્યું, ''આજે, આ મુદ્દો દેશભરમાં ચર્ચાનો વિષય બની ગયો છે. અખિલેશ યાદવે આ લડાઈ શરૂ કરી હતી, અને તેને આગળ વધારવાની આપણી જવાબદારી છે, જે અયોધ્યાના લોકોએ અમને સોંપી છે.'' તેમણે વધુમાં કહ્યું, ''અયોધ્યા ભગવાન શ્રી રામની પવિત્ર ભૂમિ છે. જો અયોધ્યાનું અપમાન થયું છે, તો અમે આ મુદ્દો પૂર્ણ દઢતાથી ઉઠાવીશું. અમે આ મુદ્દો સંસદમાં પણ ઉઠાવીશું અને તેના પર ચર્ચાની માંગ કરીશું.''દાનની ચોરી ઉપરાંત, વિરોધ પક્ષના સભ્યોએ વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સામે દિલ્હી પોલીસની ક્રૂર કાર્યવાહી સામે સંસદ સંકુલમાં સૂત્રોચ્ચાર પણ કર્યા અને ગૃહમંત્રી અમિત શાહના રાજીનામાની માંગ કરી.દાનની કથિત ચોરી અંગે સપા સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું, ''જો તમે અયોધ્યામાં બનેલી ઘટનાઓ પર નજર નાખો, તો તમને ખબર પડશે કે દાન આપવા ગયેલા ભક્તોને રસીદો આપવામાં આવી ન હતી. દાનપેટી સુધી પહોંચે તે પહેલાં જ પૈસા લઈ લેવામાં આવ્યા હતા. ગણતરી વિસ્તારમાં સીસીટીવી કેમેરાએ થોડા દિવસોમાં જ ગેરરીતિના ૭૦ વીડિયો રેકોર્ડ કર્યા હતા, છતાં બધા જૂના ફૂટેજ પાછળથી કાઢી નાખવામાં આવ્યા હતા. તેથી, અહીં અમારો વિરોધ પ્રતીકાત્મક હતો, જેનો હેતુ અયોધ્યામાં થઈ રહેલી ખુલ્લેઆમ લૂંટનો પર્દાફાશ કરવાનો હતો. આ લૂંટ ૨૦૨૦ માં ભગવાન શ્રી રામના મંદિરના નિર્માણ માટે ટ્રસ્ટની રચના થઈ ત્યારથી ચાલી રહી છે. આ બધા પૈસા ભાજપ, આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદ સાથે સંકળાયેલા લોકોના ખિસ્સા અને બેંક ખાતામાં ગયા છે.''




# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

# માનસ કબંધ. (ભાગ ૭)

## ''આવત પંથ કબંધ નિપાતા'', કબંધ પ્રભુ સન્મુખ થયો, અને હરિચરણ દર્શનથી શ્રાપ મુક્ત થયો!



માનસ કબંધની સાતમા દિવસની કથામાં પ્રવેશતાં

કહ્યું કે, માનસનાં આધારે, કે પછી અન્ય ગ્રંથોનાં આધારે, સંતો પાસેથી સાંભળેલી વાતનાં આધારે, અને મૂળમાં તો ગુરુકૃપાને આધારે, આપણે કબંધનાં માધ્યમથી આપણાં જીવનનું દર્શન કરી રહ્યાં છીએ. પ્રસંગની પૂર્વભૂમિકા બાંધતા કહ્યું કે ગિરિરાજ જટાયુને પ્રભુએ ગોદમાં લીધાં, પિતા તુલ્ય આદર આપીને ભગવાન રામ ગીધરાજ જટાયુને બાપ કહી એનું લોહી લુછે છે, અંતમાં બંને ભાઈઓ ગીધરાજનાં અગ્નિસંસ્કાર કર્યા, અને એને નિર્વાણ આપ્યું. પરંતુ માનવ ભક્ષી અને અદમ જાતિના ગીતને પ્રભુએ યોગ્ય જેમ મુક્તિ માંગે છે એ ગતિ પ્રદાન કરી, ભગવાન રામ કોમલ ચિત્ત છે દિન દયાળ છે કારણ વિના કૃપા કરે છે, કૃપાનાં વિગ્રહનું નામ જ ભગવાન રામ છે. ગીતમાં ઘણાં દોષ છે, ગીત અધમ છે ગીધ માંસ ખાય છે, અભક્ષણ કરે છે ગીધનો ત્રીજો દોષ છે, એ આકાશમાં બહુ ઊંચે ઉડે છે, પરંતુ એની દ્રષ્ટિ નીચી છે, એ જુએ છે કે સબ ક્યાં પડ્યું છે! અને જ્યાં સબ દેખાય ત્યાં એટલી ઊંચાઈ છોડીને તરત જ નીચે આવે છે. સમાજમાં પણ એવાં ઘણાં વ્યક્તિ છે, જે પ્રગતિ કરી ઊંચાઈ તો પ્રાપ્ત કરી લે છે, પરંતુ એમની દ્રષ્ટિ બહુ જ નિમ્ન રાખે છે કે, મારો સ્વાર્થ ક્યાં છે? અને સ્વાર્થ જોઈ ત્યાં એકદમ નીચે આવી જાય છે. રામચરિત માનસમાં બે ગીધની વાત છે જટાયુ અને સંપાતિ, બંને ભાઈઓ છે, એ ખૂબ જ ઊંચે ઉડવાના આદતી છે, પરંતુ ઘણાં કુળ એવા હોય છે, જેનું આખેઆખું ખાનદાન અધમ હોય, પરંતુ એમાં પણ કોઈ અપવાદ નીકળે, એ રીતે જટાયુ અને સંપાતિ બંને ભાઈઓ ગીધ જાતિના હોવા છતાં એમની દ્રષ્ટિ નીચી ન્હોતી.

ભક્તિ દુષણ ને ભૂષણ કરી દે છે, ઘણાં મૌન રહે છે, ઉદાસ રહે છે! હાસ્યના સંગે જીવો આટલી પ્યારી પૃથ્વી, આટલો પ્યારો સુરજ, એ આપણા હકના છે, આખા આકાશમાં આપણે માલિક છીએ, આ નદીઓ આપણા માટે વહે છે, માટે એન્જોય કરો! ભગવાન શંકરનાં નવ અવગુણ બતાવ્યાં છે, પણ પાર્વતીરૂપી ભક્તિ સાથે એનાં વિવાહ થતાં, એ ભૂષણ બની ગયા.

નિર્ગુન, નિલજ કુબેષ કપાલી,
અકુલ અગેહ દિગંબર બ્યાલી.

નિર્ગુણઃ કોઈ ગુણ ન હોય એ પણ દોષ છે, થોડો તમો ગુણ હોવો જોઈએ, રજો ગુણ હોવો જોઈએ, અને સતો ગુણ પણ હોવો જોઈએ. આપણે ગુણાતીત તો થઈ નથી શકતાં, કેમ કે જીવ છીએ. શંકરમાં કોઈ ગુણ નથી, એ એનો પ્રથમ અવગુણ છે. પરંતુ ભક્તિ આવે છે તો દૂષણ ભૂષણ બની જાય છે, ગુનાહિતીત અરુ ભોગ પુરંદર. નિર્ગુણનો મતલબ ગુણાતીત થઈ ગયા તે, નિર્લજ્જતાઃ એ દોષ છે, પરંતુ ભક્તિ આવે છે તો જે લોકોની દ્રષ્ટિમાં મીરાં નિર્લજ્જ હતી, એ જગદીશની દ્રષ્ટિમાં ભક્તિની શિરોમણી બની ગઈ, વિશ્વની ઈજ્જત બની ગઈ. કુબેષઃ શંકરનો વેશ સારો નથી, એમણે શરીર પર સાપ લટકાવ્યા છે, ભસ્મ લગાવી છે, બહુ રજોગણી નહીં પરંતુ સાત્વિક વેશ હોવો જોઈએ. હનુમાનજી મહારાજ માત્ર એક લંગોટ પહેરતાં હતાં પરંતુ ભક્તિ એ એમને ભૂષણ બનાવી દીધાં. કપાલીઃ ભગવાન શિવ તો કપાલી છે, કપાલી એટલે મરેલા માણસોની ખોપરીને પહેરે એ. જીવિત લોકોને તો સૌ ગળે વળગાડે, પરંતુ મારા મહાદેવ તો જેણે જીવ ગુમાવ્યો છે, એટલે કે જેનો ઉત્સાહ મરી પરવાર્યો છે, જે મરતાં મરતાં જીવી રહ્યાં છે, એવાં લોકોને પણ ગળે લગાવીને પોતાની શોભા બનાવે છે. અકુલઃ કુળ વગરના હોવું એ દોષ છે. શંકરનું કોઈ કુળ નથી, એમનું સૂર્યકુળ નથી, ચંદ્રકુળ નથી, અગ્નિકૂળ નથી, શંકર ક્યાં કુળના છે? એ અજન્મા છે. જેના કુળ નું કોઈ ઠેકાણું ન્હોય, જેનામાં પણ ભક્તિ આવી જાય, ત્યારે એના કુળનો પરિચય થઈ જાય છે. હરષિ સુધા સમ ગિરા ઉચારી. અગેહઃ ભગવાન શિવ ઘર વગરના છે સન્યાસી ને ક્યાં ઘરબાર હોય છે, અકીંચન અને અપરિગ્રહ જેના વ્રત હોય, એને કેવા ઘરબાર! ભક્તિ ઘરવિહોણાને પણ ભૂષિત કરી દે છે. દિગંબરઃ નગ્ન રહેવું એ શંકર ભગવાનનો દોષ છે, પરંતુ નગ્ન રહેવાનો મતલબ કે કપટથી મુક્ત રહેવું, નિર્દંભ રહેવું, કોઈ વસ્ત્ર નહીં, એનો મતલબ કોઈ પરદો નહીં, કોઈ આવરણ નહીં, કોઈ વેરીવૃત્તિ નહીં, ભક્તિ માણસને નિષ્કપટ બનાવી દે છે, મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા. બ્યાલીઃ શિવ સર્પોના આભૂષણ રાખે છે, ભક્તો પણ આભૂષણ પહેરે છે. મહારાજ જનક રામના પ્રેમી છે, અને સમ્રાટ છે, કેટલા કેટલા અલંકારો પહેરતા હતાં! પરંતુ એમના મનમાં તો એવું હતું કે આભૂષણમાં વધારે આસક્તિ થઈ જાય તો એને ભુજંગ બનવામાં વાર નથી લાગતી, એ જ ભુજંગ દંસ દેશે, મારી નાખશે, એવી અનાસક્તિનો બોધ થાય છે .તો ભક્તિ નવ પ્રકારના દોષોને સુશોભિત કરી દે છે.

સંપાતિ અને જટાયુમાં ઘણાં દોષ છે, ઉપર ઉડવું અને દ્રષ્ટિને નીચે રાખવી, શબો પર દ્રષ્ટિ રાખવી અભક્ષ ભક્ષણ કરવું, અહંકારને કારણે સૂરજની સ્પર્ધા કરવી, એ બધા દોષ છે. પરંતુ રાઘવે એવાં ગીધરાજને અધમ પક્ષીને ગતિ આપી, જે યોગીઓને પણ ન મળે! કેમ કે રામ કોમળ ચિત્ત છે.

જટાયુનાં કહેવાં અનુસાર રામ અને લક્ષ્મણ બંને ભાઈઓ સીતાની શોધ કરવાં વનમાં ગયા એવા સમયે કબંધ આવ્યો. પ્રભુએ કબંધને પાડી દીધો, દિવ્ય ગતિ પામ્યા પહેલાં ,કબંધે પોતાનાં શ્રાપની વાત કહી, અને કહ્યું કે આપનાં ચરણનાં દર્શનથી હું શ્રાપ મુક્ત થયો. તુલસીનું નિવેદન જુઓ, ''આવત પંથ કબંધ નિપાતા'', જીવ ગમે એટલો પાપી કેમ ન્હોય, પરંતુ પરમાત્માની સન્મુખ થાય તો કોટી કોટી જન્મોના પાપોથી તતક્ષણ મુક્ત થઈ જાય છે. હરિચરણનાં દર્શન માણસને તત્ક્ષણ મુક્ત કરે છે, અને એ રીતે ગંધર્વ નિષ્પાપ થઈ ગયો. ભગવાન રામ સંબંધને ઉપદેશ આપે છે, કે મન વચન અને કર્મથી કપટ છોડીને જે ભૂદેવ એટલે કે બ્રાહ્મણની સેવા કરે છે, એને હું આધીન છું! એટલે અહીં કોઈ વર્ણની વાત નથી પરંતુ, સત્વગુણની પ્રધાનતા હોય, સંસ્કૃતિની રક્ષણ કરનારાને બ્રાહ્મણ કહેવામાં આવે છે. ભગવાન રામ પણ પૃથ્વી પર જન્મ લે છે, અને મન વચન અને કર્મથી કપટ છોડીને બધાની સેવા કરે છે. ઉત્તરકાંડમાં રાજ્યરોહણ બાદ સમગ્ર પ્રજાને એકઠી કરીને ભગવાન રામ એક નાગરિક સંબોધન કરે છે, અને કહે છે, ''બડે ભાગ માનસ તનુ પાવા'', આ પૃથ્વી પર સૌને બહુ જ સારા ભાગ્યના કારણે મનુષ્ય શરીર મળ્યું છે, જે દેવથી પણ ઊંચું છે, અને એ રીતે આપણે સૌ પણ પૃથ્વીના દેવ છીએ. કથાનાં પ્રવાહમાં ગંગા તટે વિશ્વામિત્રએ ગંગા અવતરણની કથા કહી, ત્યાં સુધીની કથા કહી સાતમા દિવસની કથાને વિરામ આપ્યો.

**સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

### ઘરધણીએ વિશ્વાસ રાખી ભાડાકરાર કર્યા વગર જ મકાન સોંપ્યુ ને ખેલ ચાલુ થયા

# ભાડુઆતની ગુંડાગીરીઃ મહિલાને ખૂનની ધમકી, ઘરમાં તોડફોડ

## મોરબી રોડ રાજેશ્વરી સોસાયટીનો બનાવઃ ઘરધણી મહિલાએ ભાડુ આપતો ન હોઈ મકાન ખાલી કરવાનું કહેતાં ખૂનની ધમકી દીધી



રાજકોટઃ અનેક એવા લોકો હોય છે જે ભાડાના મકાનમાં રહેવા જાય પછી બેફામ બની જાય છે અને જે તે મકાન માલિકને હેરાન પરેશાન કરી મુકતા હોય છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક ભાડૂઆત ભટકાઇ જતાં એક ઘરધણી મહિલાને પોલીસની મદદ લેવી પડી હતી. શહેરના કુવાડવા રોડ પર ટાઉનશીપમાં રહેતાં મહિલાએ પોતાનું મકાન જેને ભાડે આપ્યું હતુ એ શખ્સે ભાડા કરાર પછી કરશે તેમ કહી ભાડે મકાન રાખી રહેવાનું ચાલુ કર્યા બાદ કરાર નહિ કરતાં તેને મકાન ખાલી કરવાનું કહેતાં તેણે ઉશ્કેરાઇ જઇ ઘરધણી મહિલાને મારી નાખવાની ધમકી આપી હતી. એટલુ નહિ બારોબાર મકાન ખાલી કરી ગેસ બીલ, લાઇટ બીલ, બે મહિનાનું ભાડુ પણ ન ચુકવી ભાગી ગયો હતો. તેમજ જતાં જતાં મકાનના વાયરીંગ, બારી, દરવાજા, લાદીમાં તોડફોડ કરી નુકસાન પહોંચાડી અને બાથરૂમના ફુવારા, નળીઓ વગેરે પણ ચોરી ગયો હતો! ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે કુવાડવા રોડ પર મામાસાહેબ મંદિરવાળા રોડ નજીક શહીદ ઉધમસિંહ ટાઉનશીપ બ્લોક નં. ઇ-૨૦૬માં રહેતાં માલતીબેન સંજયભાઇ ચૌહાણ નામના પિસ્તાલીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી નિકુલ ભરતભાઇ ચાંડેગરા વિરૂધ્ધ ગુનો દાખલ કર્યો હતો. માલતીબેન પતિ, દિકરી સાથે રહે છે અને પ્રાઇવેટ નોકરી કરે છે. તેમનું એક મકાન મોરબી રોડ રેલ્વે ફાટક નજીક રામેશ્વર પાર્ક રામેશ્વર હાઇટમાં બ્લોક નં. ૩૦૭માં આવેલુ છે. આ મકાન તેમણે એપ્રિલ મહિનામાં નિકુલ ચાંડેગરાને રૂા. આઠ હજારના ભાડાથી રહેવા આવ્યું હતું. માલતીબેને જણાવ્યું છે કે જે તેવખતે નિકુલને તે વખતે અમે ભાડા કરાર કરવાનું કહ્યું હતું. તે ભાડેથી રહેવા આવી ગયાના થોડા દિવસ બાદ અમે તેને ભાડા કરાર કરવાનું કહેતાં તેણે બહાના બતાવવાનું ચાલુ કર્યુ હતું. તે કરાર કરાવવા આવતો ન હોઇ અને સોસાયટીમાં તે બીજા લોકો સાથે ઝઘડો કરતો હોવાની સોસાયટીના રહેવાસીઓએ ફરિયાદ કરતાં હું નિકુલને મળવા ગઇ હતી.ત્યાં ફ્લેટમાં જોતાં પુષ્કળ ગંદકી જોવા મળી હતી. જેથી મેં નિકુલને કહેલું કે-ઘણા દિવસોથી તમને ભાડા કરાર કરાવવાનું કહુ છું છતાં તમે કેમ સરખો જવાબ દેતાં નથી અને સોસાયટીનું મેઇન્ટેન્સ પણ કેમ ભરતાં નથી. તેમજ તમે સોસાયટીના બીજા રહેવાસીઓ સાથે ઝઘડા પણ કરો છો તેમ કહેતાં તેણે બોલાચાલી કરી હતી. આથી મેં તેને મકાન ખાલી કરી દેવાનું કહેતાં અને બે મહિનાનું મકાન ભાડુ બાકી હોય તે આપી દેવાનું કહેતાં તેણે થોડા દિવસમાં મકાન ખાલી કરી દેશે અને ભાડુ પણ ત્યારે જ આપી દેશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ થોડા દિવસ પછી નિકુલ પેડક રોડ પર સામે મળતાં ફરીથી મેં તેની પાસે ભાડુ માંગતા તેણે કહેલુ કે-તમારું મકાન ખાલી કરવાનો નથી અને ભાડુ પણ દેવાનો નથી, તમારાથી થાય તે કરી લેજો, જો પોલીસમાં ફરિયાદ કરશો તો જાનથી મારી નાંખીશ તેમ કહી ધમકી દઇ ગાળો દીધી હતી.

**ફોનમાં કહ્યું-મેં જ તારા મકાનમાં તોડફોડ કરી છે અને ફુવારા, નળ પણ હું જ કાઢી ગયો ગયો છું થાય તે કરી લેજે!: બી-ડિવીઝન પોલીસે દાખલ કરી ફરિયાદ**

જેથી હું ત્યાંથી નીકળી ગઇ હતી. બાદમાં બાવીસમી મેના રોજ નિકુલનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે તમારુ મકાન ખાલી કરી નાંખ્યું છે, ભાડુ માંગતા નહિ, ભાડુ નહિ મળે. આમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો. બાદમાં હું મકાને તપાસ કરવા જતાં ત્યાં પહોંચીને જોતાં મકાનની અંદર અંડરગ્રાઉન્ડ વાયરિંગ, સ્લાઇડરની બે બારીઓ, બાથરૂમનો દરવાજો તથા લાદીઓ તૂટેલી હાલતમાં હતી.

આને કારણે આશરે સિત્તેર હજારનું નુકસાન થયું હતું. તેમજ બાથરૂમમાંથી રૂ. ત્રણ હજારની કિંમતના ત્રણ પાણીના ફુવારા તથા ઘરના અલગ-અલગ ભાગમાંથી રૂ. સાતસોની કિંમતના સાત પાણીના નળ પણ ગાયબ હતા. આવી હાલત જોઇ મેં ફરીથી નિકુંલને ફોન કરતાં તેણે કહેલું કે-મેં જ તમારા મકાનમાં તોડફોડ કરી છે અને ફુવારા તથા નળ ખોલીને લઈ ગયો છું, થાય તે કરી લો. તેમ કહી ફોન કટ કરી નાંખ્યો હતો. આ ઉપરાંત બે મહિનાનું લાઇટ બિલ તથા ગેસ બિલ પણ ભર્યા વગર બાકી રાખી દીધાની ખબર પડી હતી. અંતે માલતીબેને નિકુલ સામે મકાનમાં તોડફોડ કરી રૂ. સિત્તેર હજાર નું નુકસાન પહોંચાડવા તેમજ રૂ. સાડત્રીસોના ફુવારા-નળની ચોરી કરી, બે મહિનાનું ભાડું અને બિલ બાકી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો દાખલ કરાવતાં બી-ડિવીઝન પોલીસ ઇન્સપેકટર જી. આર. ચૌહાણના માર્ગદર્શનમાં પીએસઆઇ એચ. એન. જેઠવાએ એફઆઇઆર નોંધી આરોપીને શોધી કાઢવા તજવીજ કરી હતી.

---

# બોગસ નંબર પ્લેટ વાળી કારમાંથી વિદેશી દારૂ જપ્ત

### એક ઝડપાયો, બે ફરાર - LCB ઝોન-૧ ટીમે ૮.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો ૩ સામે ગુનો

રાજકોટઃ

રાજકોટ શહેર ક્રાઇમ ઝોન-૧ ની ટીમે ભાવનગર રોડ પર સરધાર નજીક રામદૂત ગૌશાળા પાસે વોચ ગોઠવીને બોગસ નંબર પ્લેટ લગાડેલી કાળા રંગની હ્યુન્ડાઈ વર્ના કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે સ્થળ પરથી એક ઈસમની અટકાયત કરી કાર તથા દારૂ સહિત કુલ ૮,૭૨,૨૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે ક્રાઇમ ટીમે જીજે-૩૬-એન-૭૩૬૫ નંબર પ્લેટ વાળી વર્ના કારને અટકાવી તપાસ કરતા તેમાંથી ચંડીગઢ બ્રાન્ડના વિદેશી દારૂના, ૬૭૨૦૦ના ૩૩૬ ચપલા મળી આવ્યા હતા. ઈ-ગુજકોપમાં તપાસ કરતા કારનો અસલી નંબર જીજે-૧૨-ઉજ-૦૯૯૪ હોવાનું અને કાર પર ખોટી નંબર પ્લેટ લગાવાઈ હોવાનું ખુલ્યું હતું. પોલીસે કારચાલક પ્રવિણ બચુભાઈ ઝાલા (રહે. રાજાવડલા, જસદણ) ની અટકાયત કરી પૂછપરછ કરતા દારૂનો આ જથ્થો ચોટીલાના ફૂલઝર ગામના કુલદીપ વિકમાએ ભરી આપ્યો હતો અને કોટડાસાંગાણીના સોળીયા ગામના શિવરાજસિંહ જાડેજાને સપ્લાય કરવાનો હોવાની કબૂલાત આપી હતી. પોલીસે પ્રવિણ ઝાલા, દારૂ મોકલનાર કુલદીપ વિકમા અને મંગાવનાર શિવરાજસિંહ જાડેજા સામે પ્રોહિબિશન અને ઈગજ ની કલમો હેઠળ આજીડેમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી પીએસઆઈ કે.કે. મોવલીયાએ આગળની તપાસ હાથ ધરી છે.

**કત્તલખાનું ઝડપાયું**

રાજકોટ શહેરના મોચીબજાર ચામડીયા ખાટકીવાસ વિસ્તારમાં રફીક મંઝીલ ખાતે લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે ચાલતા કતલખાના પર પોલીસે દરોડો પાડ્યો હતો. મોચીબજાર સ્થિત દુકાને તપાસ કરતા આરોપી અલ્તાફ ઈબ્રાહીમભાઈ મુસાણી લાયસન્સ વગર ગેરકાયદેસર કતલખાનુ ચલાવતો મળી આવ્યો હતો.સ્થળ પરથી ભેંસ વંશના પાડાની કતલ કરેલી હાલતમાં માસ મળી આવ્યું હતું. એ ડીવીઝન પોલીસના પીએસઆઈ વિજયસિંહ ઝાલાએ આગળની તપાસ હાથ ધરી છે.

---

# પરિણીતા-કોલેજિયન યુવતી ગુમ

### જસદણની યુવતી એસ.ટી. બસ સ્ટેન્ડના પ્લેટફોર્મ નં.૧૪ પરથી અને એરપોર્ટ રોડ પરથી ૫૦ વર્ષીય મહિલા લાપતા એ-ડિવિઝન અને ગાંધીગ્રામ પોલીસમાં ગુમશુદા નોંધાઇ

રાજકોટ, તા.૩૧

રાજકોટ શહેરમાંથી ગુમ થવાના બે અલગ-અલગ બનાવો પોલીસ દફ્તરે પહોંચ્યા છે. જેમાં એસ.ટી. બસ સ્ટેન્ડ પરથી એક કોલેજિયન યુવતી અને એરપોર્ટ રોડ પરથી એક પરિણીત મહિલા ગુમ થતાં પોલીસે પરિવારજનોની જાણવા જોગ આધારે શોધખોળ હાથ ધરી છે.

પ્રથમ બનાવમાં, જસદણમાં ખોડીયાર મંદિર વાળી શેરીમાં રહેતા હેતલબેન માનસરાની ૧૮ વર્ષીય પુત્રી શ્રીજલ તા. ૩૦/૦૭/૨૦૨૬ના રોજ બપોરે ૧ વાગ્યા આસપાસ રાજકોટ એસ.ટી. બસ સ્ટેન્ડના પ્લેટફોર્મ નં.૧૪ પરથી ગુમ થઈ ગઈ છે. શ્રીજલ ગીતાંજલી કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને તે સાથે ભણતા રાહુલ નામના યુવક સાથે ગઈ હોવાની શંકા સેવાઈ રહી છે. ગુમ થનાર યુવતીએ સફેદ કલરની કુર્તી, બ્રાઉન પેન્ટ અને ચશ્મા પહેરેલા છે. આ અંગે એ-ડિવિઝન પોલીસ મથકના એએસઆઈ ભરતસિંહ ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.

બીજા બનાવમાં, રાજકોટના એરપોર્ટ રોડ પર આવેલ અમરજીતનગર શેરી નં.૩ માં રહેતા ૫૦ વર્ષીય જયાબેન નાથાભાઈ રાઠોડ તા. ૨૯/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા આસપાસ પોતાના ઘરેથી અચાનક ગુમ થઈ ગયા છે. શ્યામવર્ણ અને કોફી કલરની ફૂલવાળી સાડી પહેરેલ આ પરિણીતા અંગે જોસનાબેન રાઠોડે જાણ કરતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના એએસઆઈ વી.વી. જાડેજાએ શોધખોળ આદરી છે.




**બે બાઈકની ઉઠાંતરી**

રાજકોટ શહેરમાં વાહન ચોરીના બનાવો સતત વધી રહ્યા છે ત્યારે ગાંધીગ્રામ અને માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બે અલગ-અલગ મોટરસાયકલ ચોરીના બનાવો પ્રકાશમાં આવ્યા છે. જાહેર રોડ પર પાર્ક કરેલા વાહનોને અજ્ઞાત તસ્કરો નિશાન બનાવી ફરાર થઈ ગયા છે.પ્રથમ બનાવમાં, ઘંટેશ્વર ૨૫ વારીયા ક્વાર્ટર સામે જાહેર રોડ પર પાર્ક કરેલ રવિભાઈ મકવાણાના ભાઈ રાહુલનું ૭૦,૦૦૦ની કિંમતનું મોટરસાયકલ (જીજે-૦૩-ડક-૭૦૩૩) કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી ગયો હતો. જે અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા અજીઁ સી.આર. ગોહિલે વધુ તપાસ હાથ ધરી છે.જ્યારે બીજા બનાવમાં, ગોંડલ રોડ પર આવેલ ડી-માર્ટ પાછળ, વેદવાડી શેરી નં.૦૪ માં કારખાના સામે જાહેર રોડ પર પાર્ક કરેલ સમીતભાઈ વાડોદરીયાનું ૨૫,૦૦૦ની કિંમતનું કાળા રંગનું હિરો સ્પ્લેન્ડર પ્લસ (જીજે-૦૩-ઉંચ-૧૩૫૨) તસ્કર હંકારી ગયો હતો. આ અંગે માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાતા હેડ કોન્સ્ટેબલ એસ. સી. ઓગાણીયાએ તસ્કરોનું સુરાગ મેળવવા ચક્રો ગતિમાન કર્યા છે.

**૪૫.૪૮ લાખ પરત અપાવ્યા**

ગુજરાત સરકારના તેરા તુજકો અર્પણ અભિયાન અંતર્ગત રાજકોટ શહેર સાયબર ક્રાઇમ પોલીસે જુલાઈ-૨૦૨૬ માસ દરમિયાન સરાહનીય કામગીરી કરી છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઇમ ટીમે નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ હેલ્પલાઈન નં. ૧૯૩૦ પર મળેલી અરજીઓ અને રજિસ્ટર્ડ ગુનાઓ પર ત્વરિત કાર્યવાહી હાથ ધરી હતી.

આ કામગીરીના ભાગરૂપે ઓનલાઈન ઠગાઈ, ટાસ્ક ફ્રોડ, શેરબજાર ઇન્વેસ્ટમેન્ટ અને ડિજિટલ એરેસ્ટ જેવા સાયબર ફ્રોડનો ભોગ બનેલા વિવિધ અરજદારો અને ફરિયાદીઓને કોર્ટ કાર્યવાહી મારફતે રૂ. ૪૫,૪૮,૪૨૦/- ની માતબર રકમ સફળતાપૂર્વક પરત અપાવવામાં આવી છે. પોલીસે નાગરિકોને અજાણી લિંક ન ખોલવા, ફેક એડ્ઓિં ફાઈલ ડાઉનલોડ ન કરવા અને કોઈપણ સાયબર ફ્રોડના કિસ્સામાં તાત્કાલિક ૧૯૩૦ નંબર પર સંપર્ક કરવા અપીલ કરી છે.

---

# ગાંજા સાથે પકડાયેલ આરોપીના જામીન મંજુર

### જંગલેશ્વરનો ઈમ્તિયાઝ ગાંજા સાથે પકડાયો'તો



રાજકોટ, તા.૩૧

ભક્તિનગર પોલીસ સ્ટેશનમા નારકોટીક્સ ડ્રગ પદાર્થે અધીનીયમની કલમો મુજબની ફરીયાદ તા.૧૮/૦૫/૨૦૨૬ ના રોજ નોંધાઈ હતી. ગાંજાના જથ્થા સાથે જંગલેશ્વરના ઈમતીયાઝ ભીખુભાઈ પઠાણની ધરપકડ થતા સેસન્સ કોર્ટમા જામીન મેળવવા અરજી કરતા અદાલતે જામીન અરજી મંજુર કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ આ કામના ફરીયાદી અને તેમની સાથેનો પોલીસ સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તાર ખાતે હાજર હોય તે દરમિયાન બાતમી મળી હતી કે, જંગલેશ્વરમાં રહેતો ઈમતીયાઝ ભીખુભાઈ પઠાણ પોતાના રહેણાંકના મકાનમાં ગેરકાયદેસર માદક પદાર્થ ગાંજાનો જથ્થો વેચાણ કરવા માટે સંગ્રહ કરી રાખ્યો છે. બાતમીના અનુસંધાને બાતમી વાળી જગ્યાએ દરોડો પાડતા ઘરમાંથી ઈમ્તિયાઝ મળ્યો હતો અને કાયદાકીય જોગવાઈઓ મુજબ ઘરની જડતી તપાસ કરતાં કાળા કલરની કોથળીમા ચેક કરતાં તેમાંથી ગાંજો મળ્યો હતો.

જરૂરી કાયદાકીય પ્રકીયાઓ કર્યાબાદ અને જરૂરી એફ.એસ.એલ રીપોર્ટના અંતે આ કોથળીમાથી મળી આવેલો પદાર્થ ગાંજો હોવાનુ જાણવા મળ્યું હતુ. ૧.૭૩૫ કીલોગ્રામ ગાંજો મળ્યો હોવાની ફરીયાદ રાજકોટ ભક્તિનાગર પોલીસ સ્ટેશનમા નોંધાઈ હતી. જે સબબ ઈમતીયાઝ ભીખુભાઈ પઠાણની અટક કરી રાજકોટની સ્પેશ્યલ એન.ડી.પી.એસ કોર્ટમા રજુ કરતા આરોપીને રાજકોટ જીલ્લા જેલ ખાતે મોકલી દેવાયો હતો.

આરોપીની અટક થયા બાદ અને ચાર્જશીટ થઈ જતા આરોપીએ પોતાના એડવોકેટ મારફત સેસન્સ કોર્ટ સમક્ષ જામીન અરજી કરી હતી. જે અન્વયે આરોપીઓ વતી રોકાયેલા એડવોકેટએ દલીલ તેમજ જામીન અરજી સંદર્ભે હાઈકોર્ટ તેમજ સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ધ્યાનમા રાખી કોર્ટ દ્વારા આરોપીઓને જામીન મુક્ત્ત કરવાનો હુકમ કરાયો છે. આરોપી વતી એડવોકેટ સાહિસ્તાબેન એસ. ખોખર, રણજીતભાઈ એમ. પટગીર, નિલેશભાઈ કે. તન્ના, દયા કે. છાયાણી, નીમેશ વી. જાદવ, પ્રહ્લાદસિંહ બી. ઝાલા રોકાયા હતા.

---

### તું તારા પપ્પાના ફોનમાંથી ઓનલાઇન મને રૂપિયા મોકલ, તને પણ વાપરવા આપીશ કહી છેતર્યો

# બાર વર્ષના બાબલાને ભોળવી ઓનલાઈન નાણા કટકટાવ્યા

## રણુજા મંદિર પાસે રહેતાં ભંગારના વેપારીએ બેંક ટ્રાન્જેક્શનના મેસેજ જોતાં તપાસ કરતાં પાડોશીનો ભાંડો ફુટ્યોઃ આજીડેમ પોલીસે દાખલ કરી એફઆઇઆર




રાજકોટઃ લેભાગુ ગઠીયાઓ કેવા કેવા અખતરા કરીને લોકોને છેતરતા હોય છે તેનો વધુ એક કિસ્સો સામે આવ્યો હતો. ઘણીવાર તો લેભાગુઓ પૈસા માટે થઇને બાળકોને પણ શિકાર બનાવી લેતાં હોય છે. આ વાતની પ્રતીતિ કરાવતો બનાવ આજીડેમ પોલીસ સ્ટેશનના ચોપડે ચડ્યો છે. આ પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં રહેતાં શખ્સે એક બાર વર્ષના બાળકને ભોળવીને તું તારા બાપાના ફોનમાંથી મને રૂપિયા ટ્રાન્સફર કરી દે, તને થોડા પૈસા વાપરવા આપીશ તેમ કહેતાં લાલચમાં આવી ગયેલા બાળકે પિતાના ફોનની ડીજીટલ એપના પાસવર્ડ જાણતો હોઇ કટકે કટકે પાડોશીને એકસઠ હજાર ટ્રાન્સફર કરી દીધા હતાં. બાદમાં વેપારીએ બેંક તરફથી મળેલા ટ્રાન્જેક્શન મેસેજ જોતાં આ ભાંડો ફુટ્યો હતો.

વિગતે વાત કરીએ તો ડિજિટલ યુગમાં બાળકોને મોબાઇલ પરની ડીજીટલ પેમેન્ટ એપના પાસવર્ડ આપવા કેવા જોખમી બની જાય છે તે વાત સામે આવી છે. કોઠારીયા રોડ પર આવેલી સોમનાથ સોસાયટીમાં રહેતા વેપારીના બાર વર્ષના પુત્રને થોડા પૈસા વાપરવાની લાલચ આપી તેની પાસે પિતાના મોબાઈલમાંથી ફોનપે મારફતે પાડોશમાં જ રહેતાં શખ્સે રૂપિયા એકસઠ હજાર કટકે કટકે મેળવી લીધા હતાં. આ મામલે આજીડેમ પોલીસે કોઠારીયા રોડ રણુજા મંદિર પાછળ સોમનાથ સોસાયટી-૩માં રહેતાં અને ભંગાર તથા ગાડીના પાર્ટસનો વેપાર કરતાં ત્રેપન વર્ષના ગૌરીશંકર છકુભાઇ મંડલની ફરિયાદ પરથી તેના જ પાડોશમાં રહેતાં અજય રાજશેભાઇ પરમાર અને તપાસમાં ખુલે તેની સામે એફઆઇઆર દાખલ થઇ હતી.

વિશષ માહિતી અનુસાર વેપારી ગૌરીશંકરનું સેવીંગ્સ એકાઉન્ટ એચડીએફસી બેંકની ભક્તિનગર બ્રાન્ચમાં આવેલું છે. ગત છવ્વીસ માર્ચના રોજ તેઓએ એટીએમમાંથી રૂા. ૧૨,૦૦૦ ઉપાડ્યા હતા. જોકે બીજા દિવસે સવારે ટેક્સ્ટ મેસેજ ચેક કરતા તેમના ખાતામાંથી જાણ બહાર વધુ રૂા. ૬૧,૦૦૦ ઉપડી ગયા હોવાનું જણાયું હતું. આ અંગે શંકા જતા ગૌરીશંકરભાઈએ તુરંત બેંકમાં જઈ સ્ટેટમેન્ટ કઢાવ્યું હતું. સ્ટેટમેન્ટ તપાસતા માલૂમ પડ્યું હતુ કે ચાર અલગ અલગ ટ્રાન્ઝેક્શન મારફતે ૩૦,૦૦૦, ૨૦,૦૦૦, ૫,૦૦૦ અને ૬,૦૦૦ મળીને કુલ ૬૧,૦૦૦ની રકમ તેમની જ શેરીમાં રહેતા અજય પરમાર નામના શખ્સના યુપીઆઇ એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ હોવાનું જણાયું હતું. આ અંગે ગૌરીશંકરભાઈએ ઘરે આવીને પરિવારજનો સાથે વાતચીત કરી હતી.

આથી બાર વર્ષના નાના પુત્રએ કહ્યું હતું કે શેરીમાં રહેતા અજય પરમારે તેને કહ્યું હતું કે-તારા પપ્પાના એકાઉન્ટમાંથી મારા એકાઉન્ટમાં પૈસા નાખ, હું તને વાપરવા માટે થોડા પૈસા આપીશ. આ લાલચમાં આવીને તેણે પિતાના મોબાઈલમાં ફોનપે એપ્લિકેશનનો ઉપયોગ કરી આ રકમ ટ્રાન્સફર કરી આપી હતી. પોતાના સગીર દિકરાના ભોળપણનો ગેરલાભ ઉઠાવી પાડોશીએ ૬૧ હજાર ટ્રાન્સફર કરાવી લીધા હોઇ આજીડેમ પોલીસને જાણ કરી હતી. તેમ વધુમાં ગૌરીશંકર મંડલે કહેતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ હેડકોન્સ. એચ. આર. ટારીયાએ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### અવસાન નોંધ



**રાજકોટ :** જુના માત્રાવડ(તા. જામકંડોરણા) નિવાસી પ્રભાશંકરભાઈ કેશવજીભાઇ વ્યાસ(ઉ.૯૧) તે જનકભાઈ(મોજ ખીજડીયા), મુકેશભાઈ(મેટોડા), હરેશભાઈ(સુરત), મયુરભાઈ(ભૂજ)ના પિતાનું તા.30 ના અવસાન થયું છે. બેસણું તા.૩ ને સોમવારે, બપોરે ૪થી ૬ , મોજ ખીજડીયા ગામે સમાજમાં રાખ્યું છે.

સોશિયલ મિડીયા માધ્યમનો વધુ એક લેભાગુએ કર્યો દુરૂપયોગઃ યુવતિની જિંદગી બગાડી

# પ્રેમીએ યુવતિના અંગત ફોટા કર્યા વાયરલ

## પહેલા ફ્રેન્ડશીપ કરી, પછી પ્રેમની જાળ રચીઃ પણ યુવતિના પરિવારે છોકરો યોગ્ય નથી કહી લગ્નની ના કહેતાં આ કહેવાતા પ્રેમીએ અસલ રંગ બતાવી હોટેલમાં પાડી લીધેલા ફોટા-વિડીયો વાયરલ કર્યાઃ તેમાં ફોન નંબર અને રૂપિયા ત્રણસો ભાવ એવુ પણ લખ્યું!

રાજકોટઃ તા. ૩૧

ઈન્ટરનેટ અને સોશિયલ મિડીયાના યુગમાં નાના મોટા સૌ કોઇ આ માધ્યમનો ભરપુર ઉપયોગ કરે છે. આ માધ્યમથી સારા અને બીજાને મનોરંજન આપી શકાય તેમ કમાણી કરી શકાય અને બીજા લોકોને મદદરૂપ થઇ શકાય તેવા પણ અનેક કામો થઇ રહ્યા છે. તો બીજી તરફ ગઠીયાઓ લેભાગુઓ આ માધ્યમનો ઉપયોગ કરી લોકોને છેતરવાનો અને અમુક લફંગાઓ વિકૃત શખ્સો સગીરાઓ, યુવતિઓ, છાત્રાઓને અને ક્યારેક પરિણીતાઓને ફસાવવામાં પણ દુરૂપયોગ કરે છે. આવા અનેક કિસ્સા અગાઉ બન્યા છે. વધુ એક લાલબત્તી સમાન બનાવમાં એક યુવતિ સાથે ઈન્સ્ટાગ્રામથી ફ્રેન્ડ બનેલા શખ્સે તેણીને પ્રેમજાળમાં ફસાવી તેણી સાથે શરીર સંબંધ બાંધી ફોટો વિડીયો લઇ લીધા હતાં. યુવતિના પરિવારે આ શખ્સ સાથે લગ્નની ના કહેતાં આ શખ્સે તેણીના ફોટા વિડીયો વાયરલ કરી દીધા હતાં.

વિગતો પર નજર કરીએ તો ઘટના અમદાવાદની છે. પરંતુ દરેક એવી યુવતિઓ, સગીરાઓ માટે ચેતણવી રૂપ છે જેઓ સોશિયલ મિડીયા થકી ફ્રેન્ડશીપ કરતી હોય છે. મુળ ઉત્તરપ્રદેશની રહેવાસી અને કૃષ્ણનગર વિસ્તારમાં રહેતી ઓગણીસ વર્ષીય યુવતીના બિભત્સ વીડિયો અને ફોટો પ્રેમીએ અલગ અલગ ઈન્સ્ટાગ્રામ આઈડીમાં પોસ્ટ કર્યા હતા. યુવતીએ પ્રેમી સાથે હોટલમાં શારીરિક સંબંધ બાંધ્યો હતો જેના ફોટા વિડિયો તેમણે ઉતાર્યા હતા. જે યુવકના મોબાઈલમાં હતા. બાદમાં યુવતીના પરિવાર લગ્નની ના પાડતા તેના ફોટા અને વીડિયો વાયરલ કરી દીધા હતા.

આ ઘટનામાં યુવતીએ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી. પોલીસ સુત્રોએ કહ્યું કે શહેરના એક વિસ્તારમાં ઓગણીસ વર્ષીય યુવતી તેની માતા અને બે ભાઈઓ સાથે રહે છે અને દુકાનમાં નોકરી કરે છ. ગત જાન્યુઆરી મહિનામાં તેણીના ઈન્સ્ટાગ્રામ આઈડી



ઉપર અજાણ્યા ઈન્સ્ટાગ્રામ આઈડી થી મેસેજ આવેલો હતો. જે બાદ ફ્રેન્ડ રિક્વેસ્ટ આવતા તેણે સ્વીકારી લીધી હતી. બંને વાતચીત શરૂ કરી હતી જેમાં યુવતીને જાણવા મળ્યું હતું કે ઉત્તરપ્રદેશ ખાતેના તેના ગામથી પાંચ કિલોમીટર દૂર આવેલા ગામના રહેવાસી સુમિત તિવારી નામનો યુવક છે.

આ પછી બંને હમવતની વચ્ચે ફોન નંબરની આપલે થઇ હતી. આ વાતચીત બાદ યુવાને તેણીને પ્રેમની જાળમાં ફસાવી લીધી હતી. આ પછી બંને વચ્ચે પ્રેમ આગળ વધ્યો હતો. સુમિત દિલ્હી ખાતે કૂક તરીકે નોકરી કરતો હતો. મે મહિનામાં સુમિત યુવતીના મળવા માટે અમદાવાદ આવ્યો હતો અને નરોડા ખાતે આવેલી સતલુજ હોટલમાં સાત દિવસ માટે રોકાયો હતો. સુમિત અને યુવતી વચ્ચે મરજીથી હોટલમાં શારીરિક સંબંધ બંધાયા હતા અને સુમિતના ફોનમાં શારીરિક સંબંધનો ન્યૂડ વિડીયો બનાવ્યો હતો બંને એકબીજાની મસ્તી કરતા અને અન્ય વિડીયો બનાવ્યા હતા. યુવતીએ માથામાં સિંદૂર ભરી લગ્ન કર્યા હોય એવા ફોટા પણ મરજીથી બનાવ્યા હતાં.

બાદમાં સુમિત તિવારી જ્યારે દિલ્હી જતો રહ્યો હતો ત્યારબાદ બીજા દિવસે યુવતીના ઘરના અને તેના સગા સંબંધીઓને લગ્ન કરી લીધા હોય એવા ફોટા મોકલ્યા હતા.પણ યુવતીના પરિવારજનો દ્વારા આ ફોટા જોયા બાદ સુમિત તિવારી સાથે લગ્ન કરવાની ના પાડી દીધી હતી ત્યારબાદ તેણે અલગ અલગ આઈડી ઉપરથી બદનામ કરવાના ઈરાદે બિભત્સ વીડિયો અને ફોટા વાયરલ કર્યા હતાં.ઉપરાંત આ ફોટા ઉપર ફોન નંબર લખીને રૂપિયા ત્રણસો લખી સગા સંબંધીઓ તેમજ અજાણ્યા લોકોને મોકલ્યા હતા. જેથી તેના ઉપર ફોન આવવાના શરૂ થયા હતા આ સમગ્ર મામલે નરોડા સાઈબર ક્રાઇમ ખાતે અરજી આપવામાં આવી હતી જે બાદ નરોડા પોલીસ દ્વારા અરજીના આધારે તપાસ કરીને સુમિત તિવારી વિરુદ્ધ ગુનો નોંધી તેની ધરપકડની તજવીજ શરૂ કરી હતી. આમ વધુ એક વખત સોશિયલ મિડીયા આઇડી મારફત લેભાગુએ એક યુવતિને ફસાવી હતી. પહેલા મિત્રતા, પછી પ્રેમની જાળ રચી હતી અને દેહ પીંખી તેના ફોટા વિડીયો લઇ લીધા હતાં. આ પછી જ્યારે યુવતિના પરિવારને સંબંધની ખબર પડી અને લગ્નની ના પાડી દેતાં કહેવાતા પ્રેમીએ અસલી ઓકાત બતાવી હતી અને યુવતિના અંગત ફોટો-વિડીયો વાયરલ કરી તેની જિંદગી બગાડી નાંખી હતી. આવા કોઇપણ અજાણ્યાઓ સાથે સોશિયલ મિડીયા માધ્યમથી દોસ્તી કે પ્રેમના રસ્તે આગળ વધતાં પહેલા સો વખત વિચાર કરવો જરૂરી છે. સાવધાની, સાવચેતી જ આવા લેભાગુ વિકૃત ઢગાઓથી બચાવી શકે છે.

ઓનલાઈન-ઓફલાઈન ફ્રોડના વધુ બે નવા કિસ્સા પોલીસ ચોપડા સુધી પહોંચ્યા

# રિક્ષાચાલકનું બેંક ખાતું એપીકે ફાઈલથી સફાચટ કરાયું

## અજાણી ફાઈલ ઈન્સ્ટોલ કરતાં જ મોબાઈલ વીસ મીનીટ સુધી ઓટો અપડેટ, રીસેટ થયો પછી નાણા ઉપડી ગયાઃ બીજી ઘટનામાં વૃધ્ધની ખોટી સહીથી કેરટેકરે ઉપાડી લીધા નાણાઃ દિકરાની સાવચેતીથી બીજા બાવીસ લાખ બચી ગયા

રાજકોટઃ તા. ૩૧

ઓનલાઈન અને ઓફલાઈન ફ્રોડની ઘટનાઓ રોજેરોજ બની રહી છે. એક ભુલો ત્યાં બીજી નવી આવી ઘટના હાજર જ રહેતી હોય છે. એક કિસ્સામાં રિક્ષાચાલકને સાયબર ગઠીયાઓએ એપીકે ફાઇલ મોકલી તેના બેંક ખાતામાંથી રકમ ઉસેડી લીધી હતી. ફાઇલ ઈન્સ્ટોલ કરતાં જ ફોન ઓટોમેટીક અપેડટ, રીસેટ થયો હતો અને વીસ મિનીટમાં તેનું બેંક ખાતુ ખાલી થઇ ગયું હતું. બીજી ઘટનામાં એક પંચાણુ વર્ષના વૃધ્ધાને તેનો જ કેરટેકર છેતરી ગયો હતો. વૃધ્ધાની બોગસ સહી કરી એક લાખ વીસ હજાર ઉપાડી લીધા હતાં. જો કે વૃધ્ધાના પુત્રની સતર્કતાને કારણે બીજા બાવીસ લાખ બચી ગયા હતાં.

પ્રથમ ફ્રોડની ઘટના પર નજર કરીએ તો ભાવનગરમાં સાયબર ફ્રોડનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. જેમાં અજાણી એપિકે ફાઇલ ઈન્સ્ટોલ કરવા માત્રથી એક ગરીબ રીક્ષા ચાલક પોતાના પરસેવાની કમાણી ગુમાવી બેઠો હતો. ગંગાજળિયા તળાવ રીક્ષા સ્ટેન્ડમાં મહમદ રફીકભાઇ કથીરી રિક્ષા લઇને




બેઠા હતાં ત્યારે તેમના મોબાઈલમાં એક અજાણી એપીકે ફાઇલ આવી હતી. આ ફાઇલમાં શું હશે તેનો લાંબો વિચાર કર્યા વગર જ તેમણે ફાઇલ ડાઉનલોડ કરી લીધી હતી.

પરંતુ ફાઇલ ઈન્સ્ટોલ કરતાં જ તેમનો ફોન હેંગ થઇ ગયો હતો અને લગભગ વીસ મિનિટ સુધી ઓટોમેટિક અપડેટ તથા રીસેટ થવા લાગ્યો હતો. ફોન રીસ્ટાર્ટ થતાં જ તમામ એપ્લિકેશન્સ ડિલીટ થઇ ચૂકી હતી.ત્યારબાદ તેમણે બેંકિંગ એપ લોગઇન કરી તપાસ કરતાં તેમના બેંક ઓફ ઇજડીસ અને એચડીએફસી બેંકના ખાતાઓમાંથી શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ દ્વારા કુલ નેવુ હજાર રૂપીયાની રકમ ઉપાડી લેવાઇ હોવાનું માલૂમ પડયું હતું. આ અંગે તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઇન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ભાવનગર સાયબર ક્રાઇમ પોલીસે અજાણ્યા શખ્સ સામે બીએનએસ અને આઇટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ પી.આઇ. યુવરાજસિંહ વાઘેલાએ વિશેષ તપાસ શરૂ કરી હતી. આ પ્રકારની અજાણી ફાઇલ આવે તો ઈન્સ્ટોલ કરવાથી બચવું જેથી કરીને આવા ફ્રોડથી બચી શકાય. બીજી ઘટના જોઇએ તો વડોદરાના દિવાળીપુરા વિસ્તારમાં રહેતા એક પંચાણુ વર્ષીય સિનિયર સિટીઝનને કેરટેકરનો વરવો અનુભવ થયો છે. પોલીસે રૂપિયા ઉપાડી ફરાર થઈ ગયેલા કેરટેકરની તપાસ હાથ ધરી હતી. દિવાળીપુરા વિસ્તારના કિર્તીધામ બંગલોઝ ખાતે રહેતા અને કોન્ટ્રાક્ટનું કામ કરતા જાગૃતભાઈ વોરાએ પોલીસને કહ્યુ છે કે મારા પંચાણુ વર્ષીય પિતા માટે ઇલોરાપાર્કના કલ્પવૃક્ષ નજીક ઓફિસ ધરાવતા મયુર કેરના સંચાલક અજીત રમેશભાઈ પરમારને કેરટેકર માટે વાત કરતા તેમણે અનિલ અંબાલાલ મકવાણાને અમારે ત્યાં મોકલ્યા હતા. કેર ટેકરનો પગાર અમે ઓનલાઈન અજીતભાઈને મોકલતા હતા અને કેરટેકરને ઉપાડની જરૂર હોય તો અજીતભાઈ સાથે વાત કરી તે મુજબની રકમ આપવાની કાર્યવાહી કરતા હતા.આ અંગે જાગૃતભાઈએ વધુમાં કહ્યુ કે મારા પિતા કોર્ટમાં ઉચ્ચ હોદ્દા પર હતા અને તેમનું પેન્શન બેંકમાં જમા થતું હોય છે. તેમના બધા ડોક્યુમેન્ટ તેમની રૂમમાં રહેતા હોવાથી અનિલ મકવાણાને આ બાબતની જાણકારી હતી. બાદ અનિલ રજા પર ગયો હતો. ત્યારબાદ અમને પૈસાની જરૂર પડતા એટીએમ કાર્ડથી રૂપિયા ઉપાડવા જતા બેલેન્સ ઓછું દેખાયું હતું. જેથી તપાસ કરતા એ મારા પિતાના બેંક ખાતામાંથી તેમના નામની સહી કરીને એક લાખ વીસ રૂપિયા ઉપડી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. અમે કસ્ટમર કેર મારફતે તપાસ કરતા ખંભાતની આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી આ રકમ ઉપાડવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તા બીજી જૂને બેંકમાં જઈ જાણ કરતા આ ચેક પર ખોટી સહી કરીને રૂપિયા ઉપાડવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ત્યારબાદ ફરીથી ૨૨ લાખ ઉપાડવા માટે ચેક જમા થતા બેંક દ્વારા અમને જાણ કરવામાં આવી હતી. પરંતુ અમે સ્ટોપ પેમેન્ટ કરાવી દેતા આ રકમ બચી ગઈ હતી. અકોટા પોલીસે આ બાબતે કેરટેકર અનિલ મકવાણા સામે ગુનો નોધી તેને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# બીજી સ્ત્રી સાથેના રિલેશનનો વાંધો ઉઠાવતાં પરિણીતાને પતિ દ્વારા મારકુટ

## પતિ મનફાવે ત્યારે ઘરેથી નીકળી મનફાવે ત્યારે પાછો આવતોઃ સાસુ-સસરા-નણંદ પણ ત્રાસરૂપ બન્યાની મહિલા પોલીસમાં ફરિયાદ

રાજકોટઃ તા. ૩૧

પરિણીતાઓને પતિ-સાસરીયા મારફત અલગ અલગ કારણોસર ત્રાસ આપાતા હોવાના બનાવો વારંવાર સામે આવે છે. વધુ એક આવો બનાવ સામે આવ્યો છે. જેમાં પતિના અન્ય સ્ત્રી સાથેના રીલેશનનો વાંધો ઉઠાવનાર પરિણીતાને મારકુટ ચાલુ થઇ હતી. પતિ મન ફાવે ત્યારે ઘરેથી નીકળી મનફાવે ત્યારે આવી જતો હોઇ તેમજ સાસુ, સસરા, નણંદ પણ ત્રાસરૂપ બન્યા હોઇ તેણી માવતરે રહેવા મજબૂર થઇ હતી.

આ બનાવમાં મહિલા પોલીસ સ્ટેશન દ્વારા જંગલેશ્વરરાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતી મીરલબેન હાર્દિક બાલાસરાની ફરિયાદ પરથી ખોખડદળ વેલનાથ સોસાયટી શિવધારાની બાજુમાં રહેતાં તેણીના પતિ હાર્દિક, સાસુ જયાબેન, સસરા જીલુભાઇ ઉગાભાઇ બાલાસરા અને નણંદ મિતલબેન રાહુલ ચાવડા વિરૂધ્ધ ગુનો દાખલ કરાયો હતો. ફરિયાદની વિગત મુજબ મીરલબેનના લગ્ન તા. ૦૬/૦૬/૨૦૨૧ના રોજ જ્ઞાતિના રીત-રિવાજ મુજબ હાર્દિક સાથે થયા છે. લગ્નજીવન દરમિયાન તેમને સંતાનમાં પાંચ વર્ષની દિકરી ધ્યાના છે.

લગ્ન બાદ એકાદ વર્ષ સુધી સંયુક્ત પરિવારમાં જીવન સારી રીતે ચાલ્યા બાદ દિકરીનો જન્મ થતાં જ પતિ હાર્દિકએ નાની-નાની બાબતોમાં ઝઘડા કરવાનું શરૂ કર્યું હતું. મીરલબેને ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે પતિ તેણીની સામે જ મોબાઈલ ફોન પર અન્ય સ્ત્રી સાથે વાતો કરતો હતો.

આ બાબતે પતિને સમજાવવાનો પ્રયાસ કરતી, ત્યારે પતિ ઉશ્કેરાઈ જઈ ગાળો આપી મારકુટ કરતો હતો. તેમજ પોતાની મેળે ઘર છોડીને ગમે ત્યારે નીકળી જઇ પછી ગમે ત્યારે પાછો આવી જતો હતો. તેણીને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોવાથી જીવનજરૂરી ખર્ચ તથા દવા-મેડિકલ માટે પૈસા આપવાનું પણ બંધ કરી દીધુ હતું.

સાસુ જયાબેન અને સસરા જીલુભાઈને તેણી પતિને સમજાવવાનું કહેતી ત્યારે તે કહેતાં કે તમને તમારા પતિને સાચવતા આવડતું નથી તેમ કહી રસોઈ તથા ઘરકામ બાબતે મેણાં-ટોણાં મારતા હતા. આ દરમિયાનરિસામણે આવેલી નણંદ મીતલબેન પણ મીરાલીબેનને સગા-સંબંધો સાથે ફોન પર વાત કરવા દેતી નહોતી અને સગાઓના ઘરે જવાની મનાઈ ફરમાવી પતિ તથા સાસુ-સસરાને ચઢામણી કરતી હતી. પતિ અવાર-નવાર ઘરેથી નીકળી જતો હોઇ અને આજથી ત્રણ વર્ષ પહેલા તે ઘર છોડી નીકળી જતાં મીરાલીબેન પણ દિકરીને લઇ માવતરે આવી ગયા હતાં. આ પછી પતિ સાસરિયાઓએ કોઇ સંભાળ ન લેતાં અને સમાધાનના પ્રયાસ પણ ન કરતાં અંતે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં મીરલબેને જણાવતાં ઈન્સપેક્ટર એસ. બી. બુટીયાના માર્ગદર્શનમાં એએસઆઇ દિલીપસિંહે ગુનો દાખલ કર્યો હતો.

સતત થઇ રહ્યા છે આ પ્રકારના ફ્રોડઃ રોજ ઉઠીને સામે આવી રહ્યા છે નવા નવા લેભાગુઓ

# વર્ક પરમીટના નામે વધુ બે યુવાનને લાખોનો ચૂનો

## લંડન જવા ઇચ્છુક યુવાને સાડા દસ લાખ ગુમાવ્યા, હંગેરી જવા માટે પ્રોસીઝર કરનાર યુવાનને એક લાખનો ડામઃ બંને કિસ્સામાં પોલીસ શરૂ કરી તપાસ

રાજકોટઃ તા. ૩૧

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે ઠગાઇની ઘટનાઓ અટકતી જ નથી. એક પછી એક આવા નવા નવા બનાવો સતત સામે આવતાં રહે છે. આ દરમિયાન વધુ આવા બે ફ્રોડના કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા છે. જેમાં લંડનના વર્ક પરમીટ અપાવી દેનાના નામે એક યુવાન પાસેથી સાડા દસ લાખ અને હંગેરીના વર્ક પરમીટના નામે બીજા યુવાનના એક લાખ પડાવી લેવામાં આવતાં બંને કિસ્સામાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ ઘટના જોઇએ તો અમદાવાદ શહેરના ઘાટલોડિયામાં રહેતા યુવકને વિઝા કન્સલ્ટન્સીનું કામ કરતા વ્યક્તિએ લંડનના વર્ક પરમિટ વિઝા આપવાનું કહીને ટુકડે ટુકડે ૧૦.૪૯ લાખ રૂપિયા લીધા હતા.વિઝા માટે કુલ અઢાર લાખ નક્કી કર્યા હતા. યુવકે દસ લાખથી વધુ આપ્યા બાદ લેટર માંગ્યો હતો જોકે યુવકને વિઝા કન્સલ્ટન્સી દ્વારા કોઈ લેટર આપવામાં આવ્યો નહતો કે વિઝા પણ આપ્યા નહોતા જેથી યુવકે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વધુ વિગત મુજબ ઘાટલોડિયામાં રહેતા ચોત્રીસ વર્ષીય અંકિત પંચાલ નામના યુવકે ફરિયાદ નોંધાવી છે કે તેના માતા સુરેખાબેનના બ્યુટી પાર્લરમાં આવતા એક મહિલા દ્વારા વિઝા કન્સલ્ટસીનું કામ કરતા સ્ટેનમોર એન્ટર -ઈઝના ધવલ પરમાર સાથે સંપર્ક થયો હતો.અંકિતને વર્ક પરમિટ વિઝા પર લંડન જવાનું હોવાથી તેને ધવલ પરમારને ઘરે બોલાવ્યા હતા.

ત્યારબાદ ધવલે લંડનના વર્ક પરમિટ આપવા માટે અઢાર લાખના ખર્ચનું જણાવ્યું હતું. અંકિતે તમામ ડોક્યુમેન્ટ ધવલને મોકલી આપ્યા હતા. ધવલે અંકિતને કેર વર્કર તરીકે જોબ અપાવવાનું કહીને ટુકડે ટુકડે દસ લાખ ઓગણપચાસ હજાર રૂપિયા લીધા હતા.ધવલે વિઝાના બાકીના પૈસા માંગ્યા ત્યારે અંકિતે લેટર આપવાનું કહ્યુ હતું પરંતુ ધવલે લેટર આપ્યો નહતો જેથી અંકિતે પૈસા પરત આપ્યા હતા.ધવલે ફાઈલની ખેંચ કાપીને બાકીના પૈસા પરત આપવાનું કહ્યું હતું પરંતુ પૈસા પરત આપ્યા




ન્હોતા જેથી અંકિતે ધવલ પરમાર સામે સોલા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ હતી.

બીજી આવી ઘટના જોઇએ તો રાજકોટના એક યુવાનને હંગેરીમાં વર્ક પરમિટ વિઝા અપાવવાની લાલચ આપી વડોદરાના વિઝા કન્સલ્ટન્ટે એક લાખ ચાલીસ હજાર રૂપિયા લીધા હતાં. વિઝા પ્રક્રિયા પુર્ણ ન થતાં આરોપીએ માત્ર છત્રીસ હજાર રૂપિયા પરત આપ્યા હતા, જ્યારે બાકીના રૂપિયા લાખ પરત ન આપતા ભોગ બનનાર યુવાને વડોદરાના ગોરવા પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. રાજકોટના ઢોલેરીયાનગર વિસ્તારમાં રહેતા સત્યાવીસ વર્ષીય જયદીપ રમેશભાઈ ચોટાલીયાએ ગોરવા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના મિત્ર વડોદરાની એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાથી તેમની ઓળખાણ રાહુલકુમાર મનુભાઈ વણકર સાથે કરાવી હતી. રાહુલકુમાર પોતે રાઠોડ એન્ટરપ્રાઇઝના નામે વિઝા કન્સલ્ટન્સીનો વ્યવસાય કરતો હોવાનું જણાવી હંગેરીમાં વર્ક પરમિટ વિઝા કરાવી આપવાનો વાયદો કર્યો હતો.

આ પછી આરોપીએ વિઝા પ્રક્રિયા માટે રૂ.૧.૪૦ લાખ લેવાની અને ૬ મહિનામાં કામ પુરૂ કરી આપવાની ખાતરી આપી હતી. તેમજ જો કોઈ કારણસર કામ ન થાય તો ૪૫ દિવસમાં સંપૂર્ણ રકમ પરત આપવાની લેખિત ખાતરી પણ આપી હતી. તેના વિશ્વાસમાં આવી ફરિયાદીએ અલગ-અલગ હપ્તામાં રકમ ચૂકવી હતી અને જરૂરી દસ્તાવેજો પણ સોંપ્યા હતા. નક્કી કરેલા સમય બાદ પણ હંગેરીનું વર્ક પરમિટના વિઝા મળ્યા નહોતા. પૂછપરછ કરતાં આરોપીએ કામ નહીં થઈ શકે તેમ જણાવી રકમ પરત આપવાનું કહ્યું હતું. ત્યારબાદ માત્ર ૩૬ હજાર રૂપિયા પરત આપ્યા હતાં. પરંતુ બાકીના રૂ.૧.૦૪ લાખ અનેક વખત માંગણી કરવા છતાં પરત આપ્યા નહોતા અને સતત ગલ્લાતલ્લા કરતો હતો. ગોરવા પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

**જીવન હોય ત્યાં સુખ હોય, દુઃખ હોય તમામ પરિસ્થિતિ કાયમ રહેતી નથી**

# આર્થિક ભીંસ, કંકાસની આગમાં બે પરિવારના માળા વિખેરાયા

## જામનગર રોડ પર રહેતાં માતા-પુત્રએ એસડ પી ખાણમાં પડી મોત મેળવી લીધાઃ કોઠારીયા રોડ રામેશ્વરમાં રહેતાં મા-દિકરો ઝેર પીગયાઃ દિકરાનો જીવ ગયો, માતા સારવાર હેઠળઃ સમસ્યાનું સમાધાન કદી પણ મોત હોઈ શકે નહિ






રાજકોટઃ તા. ૩૧

મહામુલી જિંદગીને માણવાને બદલે અમુક માણસો અકાળે ત્યજી દેતાં હોય છે. આપઘાત કે આપઘાતના પ્રયાસ કરવા પાછળના કારણો, મજબૂરી અલગ અલગ હોય છે. પરંતુ જિંદગીમાં સુખ હોય તો બીજી ક્ષણે દુઃખ પણ આવે અને દુઃખ હોય ત્યાં સુખના સાગર પણ ઘુઘવવા માંડતા હોય છે. દરેક પરિસ્થિતિ સામે લડી જાણતો માણસ કદી પણ ટુંકા રસ્તા અપનાવતો હોતો નથી. જીવનને માણી લેનારા કોઇપણ પણ પરિસ્થિતિમાં જીવી લેતાં હોય છે. આ વચ્ચે આર્થિક સ્થિતિ તંગ અને ઘરમાં ચાલતા કજીયા કંકાસને કારણે બે અલગ અલગ પરિવારના સદસ્યોએ ભરી લીધેલા પગલાને કારણે આ પરિવારોના માળા વિખેરાઇ ગયા છે. એક કિસ્સામાં મા-દિકરાએ એસિડ પી ખાણમાં પડતું મુકી મોત વ્હાલુ કર્યુ હતું. તો બીજા બનાવમાં મા-દિકરાએ ઝેર પી લેતાં બંનેને હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જેમાં દિકરાનો જીવ ગયો હતો અને માતાની હાલત ગંભીર ગણાવાઇ હતી.વિગતો પર નજર કરીએ તો જામનગર રોડ પર રહેતાં માતા-પુત્રએ ગઇકાલે સવારે ઘરેથી નીકળી ગયા બાદ પડધરીના ન્યારા ગામના પાટીયા પાસે પહોંચી એસિડ પી લીધા બાદ સજોડે ખાણમાં કૂદકો મારી લેતાં બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ બંનેના વારાફરતી મોત નિપજતાં સતવારા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આર્થિક ભીંસ અને સગા સંબંધીઓ પાસેથી ઉછીના લીધેલા નાણા પાછા નહિ આપી શકતાં હોવાથી કંટાળીને આ પગલુ ભર્યાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. જામનગર રોડ પર બી.એ. ડાંગર કોલેજ પાછળ આવેલા મારૂતિનગર-૨માં રહેતાં નિલેષભાઇ મનસુખભાઇ નકુમ-સતવારા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાન અને તેના માતા પચાસ વર્ષના જયાબેન મનસુખભાઇ નકુમએ સાંજે છએક વાગ્યે પડધરીના ન્યારા ગામના પાટીયા પાસે એસિડ પી લીધા બાદ ખાણમાં ઝંપલાવી દીધુ હતું.આ બનાવની લોકોને જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. પડધરી પોલીસની ટીમે પહોંચી લોકોની મદદથી નિલેષભાઇ અને જયાબેનને બહાર કાઢી સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યછા હતાં. જો કે અહિ સારવાર દરમિયાન રાતે દસ વાગ્યે જયાબેનનું અને બાદમાં પુત્ર નિલેષભાઇનું મૃત્યુ થતાં પરિવારજનોમાં એરરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના મહેશભા ગઢવી સહિતે પડધરી પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરી માતા-પુત્રના મૃતદેહના પોસ્ટમોર્ટમ કરાવાયા હતાં. આપઘાત કરનાર જયાબેનને સંતાનમાં બે દિકરા છે. જેમાં તેમની સાથે આપઘાત કરનાર નિલેષભાઇ નાનો અને અપરિણીત હતો. નિલેષભાઇ પ્લમ્બીંગ કામ કરી ગુજરાન ચલાવે છે.વધુ માહિતી અનુસાર પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ કેટલાક સમયથી આર્થિક ભીંસ હોઇ જેથી સગા સંબંધીઓ પાસેથી ઉછીના નાણા પણ લીધા હતાં. આ રકમ પરત ન કરી શકતાં ટેન્શનમાં હોઇ ઘરેથી નીકળી ગયા બાદ સાંજે બંનેએ ન્યારાના પાટીયે ખાણ પાસે પહોંચી પહેલા એસિડ પી લીધુ હતું અને બાદમાં બંનેએ ખાણમાં ઝંપલાવી દીધુ હતું. સારવાર દરમિયાન બંનેના મોત નિપજતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. માતા-પુત્રની એક સાથે અરથી ઉઠતાં ગમગીની વ્યાપી ગઇ હતી. પડધરી પોલીસે વિશેષ તપાસ આગળ ધપાવી હતી.બીજી આવી જ એક ઘટના રાજકોટના કોઠારીયા રોડ રામેશ્વર પાર્કમાં બની હતી. અને ગૃહકલેશ, કજીયાની આગને લીધે પરિવારનો માળો વિખેરાયો હતો રામેશ્વર પાર્ક-૪માં રહેતાં દમયંતિબેન મનસુખભાઇ રબારા નામના અઠાવન વર્ષના પટેલ મહિલા અને તેમનો દિકરો બ્રિજેશ મનસુખભાઇ રબારા નામના ત્રેવીસ વર્ષના યુવાને ગઘરે ઝેરી દવા પી જતાં બંનેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ ટુંકી સારવાર બાદ સાંજે પુત્ર બ્રિજેશનું મૃત્યુ થતાં કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના બારામાં સિવિલ હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં આજીડેમ પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર બ્રિજેશ બે ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે ઘર પાસે જ ફાસ્ટફૂડનો સ્ટોલ ચલાવતો હતો. તેનો મોટો ભાઇ પરિણીત છે અને તમામ પરિવારજનો સાથે જ રહે છે. મોટો ભાઇ પણ ફાસ્ટફૂડનો ધંધો કરે છે. સાંજે બહાર સ્ટોલ પર મૃતકના પિતા, મામા, મોટો ભાઇ સહિતના લોકો ચર્ચા કરતાં હતાં ત્યારે દમયંતિબેને પતિને ફોન કરી પોતે અને બ્રિજેશ દવા પી ગયા છે તેવુ કહેતાં બધા ઘરમાં દોડી ગયા હતાં અને મા-દિકરાને સારવાર માટે ખસેડ્યા હતાં.પરંતુ ટુંકી સારવાર બાદ બ્રિજેશનું મૃત્યુ થયું હતું. માતા દમયંતિબેન સારવાર હેઠળ છે. મિલ્કત મામલે ગૃહકલેશ ચાલતો હોઇ આ પગલુ ભર્યાનું પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. આપઘાત કરનાર બ્રિજેશના પિતા મનસુખભાઇ રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે. આ બનાવથી પરિવારજનોમાં શોક વ્યાપી ગયો છે. આમ બે અલગ અલગ ઘટનામાં આર્થિક ખેંચ, કજીયા કંકાસની આગમાં બે પરિવાના માળા વિખેરાયા હતાં.

---

**અમારી પાસે ઔદ્યોગિક ઇંધણનો ખુબ મોટો જથ્થો છે, પુર્વ સીએમ મારા કઝીન છે કહી લપેટ્યા**

# વેપારી સાથે નામે બત્રીસ લાખની ઠગાઈ

રાજકોટઃ તા. ૩૧

અલગ અલગ રીતે થઇ રહેલી છેતરપીંડીમાં વધુ એક નવતર કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક વેપારીને સસ્તામાં ઔદ્યોગીક ઇંધણ આપવાની લાલચ દઇ બત્રીસ લાખ પડાવી લેવાયા હતાં. ગઠીયાઓ પોતે પુર્વ મુખ્યમંત્રીનો કઝીન થાય છે તેમ કહીને વેપારીનો વિશ્વાસ જીત્યો હતો અને કંડલા પાસે ઇંધણનો જથ્થો હોવાની વાત કહી રૂપિયા મેળવી લીધા બાદ માલ ન આપી ઠગાઇ કરી હતી. બીજી તરફ એક વૃધ્ધાને વિધવા સહાય અપાવી દેવાની લાલચ આપી એક મહિલા દાગીના ઉતરાવી ફરાર થઇ ગઇ હતી.

પ્રથ મ ફ્રોડની ઘટના જોઇએ તો વડોદરાના પેટ્રોકેમિકલ વેપારી વિશાલ વ્યાસ સાથે દિલ્હીના એક પરિવારે રૂપિયા ૩૨.૬૪ લાખની ઠગાઈ કરી છે. ઝેડપીએસ ઓઇલ-ગેસ પ્રા.લિ.ના ડિરેક્ટર આસુતોષ પટનાયકે તેના પિતા તપસ રંજન પટનાયક અને માતા રંજીતા પટનાયકે ઓડિશાના પૂર્વ સીએમ નવીન પટનાયકનું નામ વાપરી વિશ્વાસ કેળવ્યો હતો. કંડલા પાસે ઔદ્યોગિક ઇંધણ હોવાનું કહી પેમેન્ટ લીધા બાદ માલ ન આપી ધમકી આપી હતી. ગોરવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. વડોદરામાં પેટ્રોકેમિકલ -ોડક્ટનું ટ્રેડિંગ કરતા વેપારી સાથે દિલ્હીની કંપનીના એક જ પરિવારના ત્રણ ડિરેક્ટર્સ દ્વારા ઓડિશાના પૂર્વ સીએમનું નામ વટાવીને રૂપિયા ૩૨.૬૪ લાખની ઠગાઇ કરવામાં આવી હોવાનો કિસ્સો બનતાં ગોરવા પોલીસે એફઆઇઆર દાખલ કરી હતી.

પોલીસ સુત્રોએ કહ્યું હતું કે રેસકોર્સના નટુભાઇ સર્કલ પાસે મિરાજ એપાર્ટમેન્ટમાં વિશાલ ઇન્ડસ્ટ્રિઝ પેટ્રોકેમિકલ નામની ઓફિસ ધરાવતા વિશાલભાઇ વ્યાસએ નોંધાવેલી ફરિયાદમાં તેણે કહ્યું છે કે મારે દિલ્હીના તપસ રંજન પટનાયક સાથે પરિચય થયા બાદ છ મહિના પહેલાં તેમણે તેમના પુત્ર આસુતોષની બર્થડે પાર્ટીમાં મને દિલ્હી બોલાવ્યો હતો.ત્યારબાદ આસુતોષ પટનાયક સાથે ફોન પર વાત થતી હતી.તેણે ઓડિશાના પૂર્વ સીએમ નવીન પટનાયક મારા કઝીન છે તેમ કહી વોટ્સએપ પર ભારત સરકારના હેલ્થ એડવાઇઝરનું વિઝિટિંગ કાર્ડ પણ મોકલ્યું હતું અને બિઝનેસ કરવા માટે ઓફર કરી હતી.વેપારીએ કહ્યું હતું

**બીજી ઘટનામાં વૃધ્ધાને ઘરે આવી ઠગ મહિલા વિધવા સહાયના નામે છેતરી દાગીના ઉતરાવી ગઇ**

કે આસુતોષે તેની પાસે ઇન્ડસ્ટ્રિઅલ ફ્યુઅલ ઓઇલનો મોટો જથ્થો કંડલા પાસે પડયો છે,તે ખરીદી લો, નુકસાન નહિ થાય..તેમ કહી રૂપિયા ૩૨.૬૪ લાખનું બિલ મોકલ્યું હતું.તેણે એમ પણ કહ્યું હતું કે પેમેન્ટ થશે એટલે તરત જ માલ મળી જશે.પરંતુ પેમેન્ટ કરવા છતાં માલ મોકલ્યો નથી અને ઉપરથી જોઇ લેવાની ધમકી આપી રહ્યો છે. જેથી પોલીસે દિલ્હીની ઝેડપીએસ ઓઇલ-ગેસ પ્રા.લિ.ના ડિરેક્ટર આસુતોષ પટનાયક, તેના પિતા તપસ રંજન પટનાયક અને માતા રંજીતા પટનાયક સામે કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઠગાઇની વિગતો જોઇએ તો વાપીમાં વિધવા સહાય યોજનાના નામે એક વૃદ્ધા સાથે છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. વ્હોરા મસ્જિદ પાસે આવેલી બિલ્ડિંગમાં રહેતા એકોતેર વર્ષીય ફરીદા તાહિર પ્રયાસવાલાના ઘરે સવારે એક અજાણી મહિલા પહોંચી હતી. તેણે પોતે મનપાની કર્મચારી હોવાનું જણાવી કહ્યું કે સરકાર તરફથી દર મહિને રૂપિયા ૨,૫૦૦ની વિધવા સહાય મળશે. તેના માટે આધાર કાર્ડ અપડેટ કરાવવું પડશે અને મહાનગરપાલિકાની કચેરીમાં અધિકારી પાસે આવવું પડશે તેમ કહી વિશ્વાસમાં લીધી હતી. ઠગ મહિલાએ વૃદ્ધાને દાગીના પહેરીને બહાર ન આવવાની સલાહ આપી હતી. જેથી ફરીદાબેને પોતાના કાનની સોનાની રિંગ અને વીંટી કાઢીને ટીવી પાસે મૂકી હતી. આ દરમિયાન મહિલાએ નજર ચૂકવી દાગીના સેરવી લીધા હતા.

આ પછી વૃદ્ધાને સાથે લઈને નીચે ઉતરી અને હું રિક્ષા લઈને આવું છું કહી ત્યાંથી ફરાર થઈ ગઈ ગઇ હતી. થોડીવાર રાહ જોયા બાદ વૃદ્ધા ઘરે પરત ફર્યા ત્યારે ટીવી પાસે મૂકેલા દાગીના ગાયબ હોવાનું જણાયું. બાદમાં તેઓ ઠગ મહિલાને શોધવા મહાનગરપાલિકાની કચેરી પહોંચ્યા, પરંતુ ત્યાં પણ મહિલા મળી આવી નહોતી. ત્યારે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું ભાન થતાં સમગ્ર બનાવ સામે આવ્યો. હવે આ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરાવવા તજવીજ કરવામાં આવી હતી. વૃદ્ધોને સાધુ સંતના નામે છેતરી લેવાના કિસ્સા પણ અવાર-નવાર બની રહ્યા છે. ત્યાં હવે સહાયના નામે ઠગાઇ થઇ ગઇ હતી.

---

# તેરા તુજકો અર્પણઃ માલવીયાનગર અને બી-ડિવીઝન પોલીસે ૨૬.૫૦ લાખનો મુદ્દામાલ લોકોને પરત કર્યો

## ખોવાયેલા ગૂમ થયેલા મોબાઈલ ફોન, ફ્રોડમાં ગયેલા નાણા, વાહનો શોધી મુળ માલિકને સોંપવામા આવતાં સૌ કોઈ રાજી રાજી થઇ ગયા

રાજકોટઃ તા. ૩૧

શહેર પોલીસ દ્વારા દર મહિને તેરા તુજકો અર્પણ ઝુંબેશ અંતર્ગત લોકોને તેમના ગૂમ થયેલા, ખોવાયેલા મોબાઇલ ફોન, ફ્રોડમાં ગયેલા નાણા અને અન્ય ચોરીનો જપ્ત થયેલો મુદ્દામાલ પરત આપવામાં આવે છે.

આ અંતર્ગત માલવીયાનગર પોલીસે ૧૭,૨૨,૬૧૩નો મુદ્દામાલ ૫૩ અરજદારોને અને બી-ડિવીઝન પોલીસે ૯,૨૬,૧૪૨નો મુદ્દામાલ અરજદારોને પરત અપાયો હતો. બંને પોલીસ સ્ટેશન દ્વારા કુલ ૨૬ાા લાખનો મુદ્દામાલ લોકોને પરત મળતાં લોકો રાજી-રાજી થઇ ગયા હતાં.

વિગતો જોઇએ તો માલવીયાનગર પોલીસ સ્ટેશન દ્વારા 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સાયબર ફ્રોડનો ભોગ બનેલા અરજદારોના નાણાં પરત અપાવવા, ગૂમ થયેલા મોબાઈલ શોધી કાઢવા તેમજ રિકવર થયેલો મુદ્દામાલ મુળ માલિકોને સોંપવા માટે આ સફળ ઝુંબેશ ચલાવવામાં આવી હતી.

આ કાર્યક્રમ અંતર્ગત પોલીસે કુલ ૫૩ અરજદારોને રૂ. ૧૭,૨૨,૬૧૩- ની કિંમતનો મુદ્દામાલ પરત સોંપ્યો હતો. જેમાં સાયબર ફ્રોડથી ગુમાવેલા રૂ. ૧૨,૦૦,૦૪૩ નો સમાવેશ થાય છે જે કુલ ૩૧ અરજદારોને પરત મળ્યા છે. આ ઉપરાંત સીઇઆઇઆર પોર્ટલ તથા શોધો દ્વારા શોધી કાઢવામાં આવેલા ૧૬ મોબાઈલ ફોન કિંમત રૂ. ૪,૩૭,૫૭૦ અને રૂ. ૮૫,૦૦૦ની કિંમતના ૩ વાહનો પણ તેમના મુળ માલિકોને સુપરત કરવામાં આવ્યા હતા.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી બી. જે. ચૌધરીની સુચના અંતર્ગત પીઆઇ જે. એમ. કૈલા, પીએસઆઇ એમ.જે. ધાંધલ, હેડકોન્સ. શીવભદ્રસિંહ જાડેજા, કોન્સ. જયભાઈ રંગાણી તથા મહિલા કોન્સ. મિરાલીબેન કથીરીયાએ આ કામગીરી કરી હતી. પોતાની ગુમાવેલી મિલકત અને કમાણીના નાણાં પરત મળતા તમામ અરજદારોએ રાજકોટ પોલીસનો આભાર માન્યો હતો

બીજી તરફ બી-ડિવીઝન પોલીસ દ્વારા પણ પ્રજાના ગુમ થયેલા કે ચોરાયેલા માલ-સામાન અને સાયબર ફ્રોડમાં ફસાયેલા નાણાં પરત મેળવી આપવાના ઉમદા આશય સાથે બી ડીવીઝન પોલીસ સ્ટેશન દ્વારા તેરા તુજકો અર્પણકાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ છેલ્લા એક જ મહિના દરમિયાન રિકવર કરવામાં આવેલ કુલ રૂપિયા ૯,૨૬,૧૪૨નો મુદ્દામાલ અરજદારો અને ફરિયાદીઓને પ્રજાની બહોળી હાજરીમાં વિધિવત રીતે પરત સોંપવામાં આવ્યો હતો. બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જી.આર.ચૌહાણના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પીએસઆઇ એન.આર. ડોબરીયા, હેડકોન્સ. પુષ્પરાજસિહ જાડેજા તેમજ સાયબર/આઈટી એક્સપર્ટ મિલન અનંત અને તેમની સાયબર ટીમ દ્વારા ટેકનોલોજી અને હ્યુમન સોર્સિસના ઉપયોગ કરી સીઇઆઇઆર પોર્ટલ પર સતત મોનિટરિંગ રાખીને ગુમ થયેલા મોબાઈલ ટ્રેસ કરવામાં આવ્યા હતા.

પોલીસે ગૂમ થયેલા રૂા. ૧,૩૮,૭૦૦ના ફોન અને ફ્રોડમાં ગયેલા રૂા. ૫,૬૨,૪૪૨ રોકડા રીકવર કર્યા હતાં. અન્ય ગુનાઓમાં ગયેલ રૂ. ૨,૨૫,૦૦૦નો મુદ્દામાલ પણ મળી કુલ રૂા. ૯,૨૬,૧૪૨નો મુદ્દામાલ અરજદારોને પરત સોંપાયો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક, ડીસીપી હેતલ પટેલ, એસીપી બી. વી. જાધવની સુચના અંતર્ગત આ કામગીરી કરવામાં આવી હતી.

---

**અઢી અક્ષરના પ્રેમમાં અનેક કહાની અધુરી જતી હોય છેઃ એક કરૂણ ઘટના**

# પ્રેમી ફેરવીને પરત મૂકી જતાં યુવતીનો આપઘાત

## બીજી ઘટનામાં ઘરેથી નીકળેલા વેપારી ઈજાગ્રસ્ત મળ્યા બાદ મોત થયુંઃ પોલીસે મોતનું ચોક્કસ કારણ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો



રાજકોટઃ તા. ૩૧

અઢી અક્ષરના પ્રેમમાં અનેકને દગો મળતો હોય છે તો કેટલાકની પ્રેમકહાની અધુરી રહી જતી હોય છે. આવા કારણે તેઓ નાસીપાસ થઇ ન ભરવાના પગલા ભરતાં હોય છે. આ દરમિયાન અઢાર વર્ષની એક યુવતિને પ્રેમમાં નિષ્ફળતા મળતાં ઝેર પી મોત વ્હાલુ કરી લીધુ હતું. બીજી એક અપમૃત્યુની ઘટનામાં એક વેપારી ઘરેથી નીકળ્યા બાદ ઇજાગ્રસ્ત હાલતમાં મળ્યા બાદ મોત થયું હતું. યુવતિને જેની સાથે પ્રેમ હતો તેની સાથે જવાની પિતા પરિવારે છુટ આપી હતી. પ્રેમી તેને લઇ પણ ગયો હતો, પરંતુ થોડા કલાકોમાં પરત મુકી જતાં તેણીને માઠુ લાગતાં મોતનો માર્ગ અપનાવી લીધાનું ખુલ્યું હતું.

આત્મહત્યાની ઘટના પર નજર કરીએ તો ગોંડલના કોલીથડ ગામે પરિવાર સાથે રહી ખેત મજૂરી કરતી મુળ દાહોદની અઢાર વર્ષની યુવતિએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. યુવતિને ગામના જ એક છોકરા સાથે પ્રેમ હોઇ પરિવારને જાણ થઇ જતાં છોકરા અને તેના પરિવારને બોલાવી રાજીખુશીથી તેણીને સાથે લઇ જવા સોંપી દીધી હતી. છોકરો તેને લઇ પણ ગયો હતો. પરંતુ રાતે પરત મુકી ગયો હતો. બીજા દિવસે તેણીએ ઝેર પી લીધુ હતું. સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ગોંડલના કોલીથડમાં મનિષભાઇની વાડીમાં રહેતાં મુળ દાહોદ ગરબાળાના વિજયભાઇ ભાભોરની વીસ વર્ષની દિકરી હંસાએ બાજુમાં માસા પ્રકાશભાઇ જ્યાં વાડી વાવે છે ત્યાં ઝેર પી લીધી હતી.

તેણી ઉલ્ટીઓ કરવા માંડતાં પરિવારજનોને ખબર પડતાં પ્રથમ ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. પરંતુ અહિ ગત રાતે તેણીનું મોત થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગોંડલ તાલુકા પોલીસને કરતાં જરૂરી કાર્યવાહી કરાઇ હતી. આપઘાત કરનાર હંસાબેન ત્રણ બહેન અને એક ભાઇમાં વચેટ હતી. તેની મોટી બહેન અને નાની બહેન સાસરે છે. હંસાબેનના લગ્ન થયા નહોતાં. તેણીના પિતા જે વાડી વાવે છે તેની બાજુમાં જ તેણીના માસા પ્રકાશભાઇ પણ પરિવાર સાથે રહી વાડી વાવે છે. પ્રકાશભાઇએ જણાવ્યું હતું કે હંસાબેનને કોલીથડમાં જ રહેતાં એક છોકરા સાથે પ્રેમ થઇ ગયો હતો.

આની જાણ અમને પરિવારજનોને થતાં માથાકુટ ન થાય એ માટે થઇને અમે છોકરાને અને તેના પરિવારજનોને બોલાવ્યા હતાં. દિકરીએ તેની સાથે લગ્ન કરવાની વાત કરતાં તેના પિતાએ રાજીખુશીથી તેણીને સાથે જવા દીધી હતી. સત્યાવીસમીએ બપોરે છોકરો હંસાબેનને સાથે લઇ ગયો હતો. પણ બાદમાં એ જ દિવસે રાતે તે પરત મારી વાડીએ મુકી ગયો હતો. બીજા દિવસે બપોરે બે વાગ્યા સુધી હંસાબેને ખેતીમાં નીંદામણનું કામ પણ કર્યુ હતું. એ પછી ઝેરી દવા પી લીધી હતી. છોકરો તેને શા માટે મુકી ગયો તેની અમને ખબર નથી. કદાચ પ્રેમીએ પરત મોકલી દેતાં તેણીને માઠુ લાગી જતાં આ પગલુ ભર્યુ હોવાની શક્યતા છે. ગોંડલ તાલુકા પોલીસે વધુ તપાસ કરે છે.

બીજી એક ઘટના જોઇએ તો મોરબીમાં રહેતાં અને સિરામીક ટ્રેડીંગનું કામ કરતાં વેપારી રાતે લાલપર ગામ નજીક ઇજાગ્રસ્ત હાલતમાં મળતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. ચાલતી વખતે પડી જતાં ઇજા થવાથી મૃત્યુ થયાનું પ્રાથમિક તારણ નીકળ્યું હતું. મોરબીમાં રવાપર રોડ પર સરદાર બાગ પાછળ આવેલી ગૌતમ સોસાયટીમાં રહેતાં ભરતભાઇ બચુભાઇ વાંસદડીયા નામના પિસ્તાલીસ વર્ષના પટેલ વેપારી રાતે દસેક વાગ્યે મોરબી પાસેના લાલપર ગામ પાસેની ઓનેસ્ટ હોટેલ નજીક ઇજાગ્રસ્ત બેભાન જેવી હાલતમાં પડ્યા હતાં.

આ અંગે કોઇએ ૧૦૮ બોલાવી સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ તેમનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકી મારફત થતાં મોરબી તાલુકા પોલીસે રાજકોટ પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ભરતભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં વચેટ હતાં અને મોરબીમાં ભાડાની દુકાન રાખી સિરામીક ટ્રેડીંગનું કામ કરતાં હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તેઓ મુળ લાલપર ગામના વતની હતાં. રાતે કોઇ કામ સબબ નીકળ્યા બાદ લાલપર નજીક ઓનેસ્ટ પાસેથી ઇજાગ્રસ્ત મળ્યા હતાં. બાદમાં મૃત્યુ થયું હતું. બનાવથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ ઘટનામાં શું બન્યું? તે જાણવા પોલીસે તપાસ યથાવત રાખી હતી.

# જિલ્લામાં ડીપ ડિપ્રેશનના પગલે ભારે વરસાદની આગાહી




## વહીવટી તંત્ર 'એક્શન મોડ'માં, ઝીરો કેઝ્યુઆલિટીના અભિગમ સાથે તંત્ર સજ્જ

રાજકોટ, તા. ૩૧

ડીપ ડિપ્રેશનના કારણે રાજકોટ જિલ્લામાં ૧ ઓગસ્ટની સાંજ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આગાહીને પગલે જિલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે. જિલ્લા કલેક્ટર ડો. ઓમ પ્રકાશે તાકીદની બેઠક બોલાવીને ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ પ્લાનની સમીક્ષા કરી હતી અને રાજ્ય સરકારના 'ઝીરો કેઝ્યુઆલિટી'ના અભિગમને સાકાર કરવા તમામ વિભાગોને જરૂરી આગોતરા સાવચેતીના પગલાં લેવા સૂચનાઓ જારી કરી છે. સ્થિતિને પહોંચી વળવા માટે કલેક્ટર ડો. ઓમ પ્રકાશ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાના તમામ તાલુકાઓમાં નાયબ કલેક્ટર (ડે. કલેક્ટર) કક્ષાના અધિકારીઓને લાયઝન/નોડલ અધિકારી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. તમામ વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરાઈ છે.

તમામ સ્ટાફને પોતાના હેડક્વાર્ટર પર હાજર રહેવા અને ફોન/સંપર્ક માધ્યમો સતત ચાલુ રાખવા આદેશ અપાયા છે. શાળાઓ અને આંગણવાડીઓમાં રજા આપવા અંગે ૩૧મી જુલાઈના રોજ પરિસ્થિતિ મુજબ આખરી નિર્ણય લેવાશે. સંભવિત નીચાણવાળા વિસ્તારોમાંથી નાગરિકોનું સ્થળાંતર કરવું પડે તો તે માટે ગ્રામીણ અને શહેરી વિસ્તારોની શાળાઓ તથા સમાજવાડીઓને આશ્રયસ્થાન તરીકે તૈયાર રખાઈ છે.

જિલ્લાના આશરે ૧૭૦ જેટલા નીચાણવાળા ગામોની ઓળખ કરીને ત્યાં આગોતરી સાવધાની રાખવામાં આવી રહી છે.

શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ધરાશાયી થઈ શકે તેવા જોખમી હોર્ડિંગ્સ અને સાઈનબોર્ડ્સનું નિરીક્ષણ કરી તેને તાત્કાલિક ઉતારી લેવા જણાવ્યુ છે. હાઈવે, નગરપાલિકા અને ગ્રામ્ય રસ્તાઓ પર નમી ગયેલા કે જોખમી વૃક્ષોનું ટ્રીમિંગ તાત્કાલિક પૂર્ણ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. અતિભારે વરસાદ અને તેજ પવનના કારણે અકસ્માત ન સર્જાય તે માટે તંત્ર દ્વારા ખાસ સૂચનાઓ અપાઈ છે.

# મનપાના ૨૬ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ- ખાતમુહૂર્ત કરશે CM

### ૯૪.૪૨ કરોડના ૧૩ પ્રકલ્પોનું લોકાર્પણ અને રૂ. ૧૫૩.૩૫ કરોડના ૧૩ પ્રકલ્પોનું ખાતમુહૂર્તઃ ૨ ઓગસ્ટના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસના નવનિર્મિત ઓડિટોરિયમ ખાતે યોજાશે ભવ્ય સમારોહ

રાજકોટ, તા. ૩૧

રાજકોટ શહેરના સર્વાંગી અને અવિરત વિકાસની યાત્રાને નવી ઊંચાઈઓ પર લઈ જવાના સંકલ્પ સાથે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કુલ રૂ. ૨૪૭.૭૮ કરોડના ૨૬ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે કરવામાં આવશે.દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ માર્ગદર્શન હેઠળ રાજકોટ આજે ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આરોગ્ય, પાણી પુરવઠા અને સ્વચ્છતા ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ કરી રહ્યું છે.આ વિકાસયાત્રાના ભાગરૂપે તા. ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ (રવિવાર) ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ સ્થિત નવનિર્મિત ઓડિટોરિયમ ખાતે રૂ. ૯૪.૪૨ કરોડના ૧૩ પ્રકલ્પોનું લોકાર્પણ અને રૂ. ૧૫૩.૩૫ કરોડના ૧૩ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત સંપન્ન થશે.

નાગરિકોની સુવિધા અર્થે તૈયાર થઈ ગયેલા અને લોકાર્પિત થનાર પ્રકલ્પોમાં પીવાના પાણીના હેડવર્ક્સ, બ્રિજ, સ્વચ્છતા અને આરોગ્ય ક્ષેત્રના મહત્ત્વના કામોનો સમાવેશ થાય છે.

અમૃત મિશન ૨.૦ હેઠળ રૂ. ૩૪.૪૩ કરોડના ખર્ચે પમ્પિંગ હાઉસ, ૩ ખક ઊજ્જ્છ અને ૨૨.૧૭ ખક ૠજ્જ્છ સાથે ભવ્ય નિર્માણ. ૬.૯૬ કરોડના ખર્ચે ૧૫૦ ઝડ્ઉ ક્ષમતા ધરાવતો મટિરિયલ રિકવરી ફેસીલીટી (ખદ્દ્ઋ) પ્લાન્ટ. આર્ષ વિદ્યામંદિર પાસે રૂ. ૬.૩૧ કરોડના ખર્ચે નવનિર્મિત બ્રિજ, જે ટ્રાફિક સમસ્યામાં મોટો રાહત આપશે. નંદા હોલથી સરદાર પટેલ આરોગ્ય કેન્દ્ર સુધીના ૧૫ મીટર ટી.પી. રોડ પર રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે સી.સી. રોડ, પેવિંગ બ્લોક્સ, યુટિલિટી અને પાઈપ ગટર કામ.

કાલાવડ રોડ અને નાનામવા રોડ વચ્ચેના વિસ્તારમાં રૂ. ૬૨.૩૫ કરોડના ખર્ચે પાઈપલાઈન નેટવર્ક અને ડામર રોડ રિસ્ટોરેશન. રૈયા રોડ, નિર્મલા રોડ, કાલાવડ રોડ અને સહકારનગર રોડ વચ્ચે રૂ. ૨૧.૮૩ કરોડના ખર્ચે કામગીરી. પારડી રોડ, શેઠ હાઈસ્કૂલ સામે રૂ. ૨૧.૦૭ કરોડના ખર્ચે અધ્યતન ઈમરજન્સી સુવિધા. શેઠ હાઈસ્કૂલ પાસે રૂ. ૨૦.૮૨ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ભવ્ય હોલ. ત્રણેય ઝોનમાં ચોમાસા દરમિયાન રસ્તાના પોટહોલ્સ રીપેર કરવા માટે રૂ. ૫.૨૪ કરોડનું આયોજન. પામ યુનિવર્સ પાસે તથા મુંજકા ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન પાસે વોંકળા પર રૂ. ૪.૧૬ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ ઊભી કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા પદાધિકારીઓએ વધુમાં ઉમેર્યું હતું કે, આ તમામ વિકાસકાર્યો નાગરિકોનું જીવનધોરણ વધુ સુવિધાજનક અને સુખદ બનાવવા માટે છે.

રોડ-રસ્તા, પાણી, આરોગ્ય, સ્વચ્છતા અને પર્યાવરણ જેવા તમામ પાસાઓ પર સમાંતર કામગીરી કરીને રાજકોટને ખરા અર્થમાં ''રંગીલું અને લિવેબલ રાજકોટ'' બનાવવા માટે મહાનગરપાલિકા કટિબદ્ધ છે. આ વણથંભી વિકાસયાત્રા ભવિષ્યમાં પણ સતત ચાલુ રહેશે.

# ભારે વરસાદની આગાહીને પગલે મનપા સતર્ક

### અધિકારીઓ-કર્મચારીઓની રજાઓ રદ, મ્યુનિસિપલ કમિશનરે યોજી તાકીદની સમીક્ષા બેઠક



રાજકોટ, તા. ૩૧

હવામાન વિભાગ દ્વારા આગામી ૪ ઓગસ્ટ મંગળવાર સુધી સમગ્ર રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ આપત્તિજનક પરિસ્થિતિને અત્યંત ગંભીરતાથી લઈને રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ અગમચેતીના મજબૂત પગલાંરૂપે મહાનગરપાલિકામાં ફરજ બજાવતા તમામ અધિકારીઓ તેમજ કર્મચારીઓની આગામી તા. ૦૪-૦૮-૨૦૨૬ સુધીની તમામ પ્રકારની રજાઓ તાત્કાલિક અસરથી રદ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

વરસાદી પરિસ્થિતિને પહોંચી વળવા અને નાગરિકોને આવશ્યક સેવાઓ સમયસર ઉપલબ્ધ કરાવવા માટે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ તમામ ખાતાના વડાઓ અને સિનિયર અધિકારીઓની એક તાકીદની બેઠક યોજી હતી. આ બેઠકમાં ડ્રેનેજ, નાલા સફાઈ અને વોટર લોગિંગ પોઈન્ટ્સની ચકાસણી, રાહત, બચાવ અને સ્થાનિકોને સુરક્ષિત સ્થળે ખસેડવાની વ્યવસ્થા, સફાઈ, દવા છંટકાવ અને રોગચાળો અટકાવવાની કામગીરી અંગે સઘન સમીક્ષા કરવામાં આવી હતી. મ્યુનિસિપલ કમિશનરે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ માટે નીચે મુજબના કડક નિર્દેશો જાહેર કર્યા છે.

જેમાં તમામ અધિકારીઓ/કર્મચારીઓએ ફરજિયાત હેડક્વાર્ટર ખાતે જ હાજર રહેવાનું રહેશે અને કોઈએ મંજૂરી વગર શહેર છોડવું નહીં. ઈમરજન્સી કોલ અને સંકલન માટે તમામ સ્ટાફે પોતાના મોબાઈલ ફોન ૨૪ કલાક ચાલુ રાખવાના રહેશે. આપત્તિ વ્યવસ્થાપન, રાહત અને બચાવ કામગીરી માટે તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ સતત ફિલ્ડમાં રહીને પોતાની ફરજ પૂરતી સતર્કતા અને જવાબદારી સાથે નિભાવવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકાના મુખ્ય કન્ટ્રોલ રૂમ ખાતે ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક સિનિયર અધિકારીની હાજરી સુનિશ્ચિત કરવામાં આવી છે.

તમામ નાયબ કમિશનરો અને સિટી એન્જિનિયરોએ પોતાના તાબા હેઠળના ઝોનલ વિસ્તારમાં વરસાદી પરિસ્થિતિનું સતત ગ્રાઉન્ડ સુપરવિઝન અને મોનિટરિંગ કરવાનું રહેશે. અસરગ્રસ્ત અને નીચાણવાળા વિસ્તારોની અધિકારીઓએ પોતે રૂબરૂ મુલાકાત લઈ તાત્કાલિક રાહત કામગીરી હાથ ધરવાની રહેશે તેમજ ઝોન કક્ષાનો વિગતવાર અહેવાલ સમયાંતરે સક્ષમ અધિકારી સમક્ષ રજૂ કરવાનો રહેશે.

શહેરના જે જે રાજમાર્ગો, સર્કલ કે અંડરબ્રિજ પર પાણી ભરાવાના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે, તેવા તમામ વોટર લોગિંગ પોઈન્ટ્સ પર તાત્કાલિક અસરથી ડીવોટરીંગ પમ્પ મૂકી પાણી નિકાલની કામગીરી હાથ ધરવા આદેશ અપાયો છે, જેથી શહેરમાં ટ્રાફિક જામની સમસ્યા ન સર્જાય અને વાહનવ્યવહાર પૂર્વવત ચાલુ રાખી શકાય.

# RMC દ્વારા બરતરફ થયેલા બે ATPને હાઈકોર્ટમાંથી મોટી રાહત

### ડિસમિસલ ઓર્ડર પર વચગાળાનો સ્ટેઃ કેસના અંતિમ આદેશ સુધી બંને અધિકારીઓને 'ડિસમિસ' થયેલા ગણવાને બદલે 'સસ્પેન્શન' હેઠળ ગણવામાં આવે અને નિયમ અનુસાર તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું ચૂકવવામાં આવે



રાજકોટ, તા. ૩૧

રાજકોટના બહુચર્ચિત અને દર્દનાક ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલી ખાતાકીય તપાસ અને ત્યારબાદ લેવાયેલા કડક પગલાં સામે ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ વચગાળાનો આદેશ આપ્યો છે.

ટાઉન પ્લાનિંગ વિભાગના બે આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર મુકેશ રામજીભાઈ મકવાણા અને રાજેશ નરશીભાઈ મકવાણા સામે કરવામાં આવેલી બરતરફી (ડિસમિસલ)ની કાર્યવાહી પર ગુજરાત હાઈકોર્ટે સ્ટે ફરમાવી દીધો છે.

કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે કેસના અંતિમ આદેશ સુધી બંને અધિકારીઓને 'ડિસમિસ' થયેલા ગણવાને બદલે 'સસ્પેન્શન' હેઠળ ગણવામાં આવે અને નિયમ અનુસાર તેમને મળવાપાત્ર નિર્વાહ ભથ્થું ચૂકવવામાં આવે.

મહાનગરપાલિકા દ્વારા ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મુકેશ મકવાણાને નોકરીમાંથી બરતરફ અને રાજેશ મકવાણાને નોકરીમાંથી રૂખસદ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. આ નિર્ણયને બંને અધિકારીઓએ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

અરજદારો વતી અમદાવાદ હાઈકોર્ટના સિનિયર એડવોકેટ આનંદ બી. ગોગીયા, મુસ્કાન એ. ગોગીયા, કાજલ એલ. કલવાણી, ગૌરવ એ. ગોગીયા તથા સંજના જી. ગોગીયાની ટીમે ધારદાર દલીલો રજૂ કરી હતી. ખાતાકીય તપાસ પૂરી થયા બાદ તપાસ સમિતિનો અધિકૃત ઈન્કવાયરી રિપોર્ટ અરજદારોને સોંપવામાં આવ્યો જ નહોતો.

તપાસ રિપોર્ટની નકલ આપ્યા વિના જ સીધી 'બીજી શો-કોઝ નોટિસ' અને ત્યારબાદ આખરી 'બરતરફીનો આદેશ' આપી દેવાયો હતો, જે કાયદાકીય રીતે અમાન્ય છે. પોતાના બચાવમાં પૂરતી રજૂઆત કરવાની તક ન આપીને મ્યુનિસિપલ કોર્પોરેશને કુદરતી ન્યાયના સ્થાપિત સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓનો અનાદર કર્યો છે. સુનાવણી દરમિયાન મહાનગરપાલિકા પક્ષે પણ પ્રશાસનિક પ્રક્રિયામાં રહી ગયેલી ગંભીર ખામીઓ અને ત્રુટિઓ સામે આવી હતી.

જસ્ટિસ નિરલ આર. મહેતાની સિંગલ બેંચે બંને પક્ષોની દલીલોને ગંભીરતાથી સાંભળ્યા બાદ નોંધ્યું કે પ્રથમદ્રષ્ટિએ અરજદારોની રજૂઆતમાં કાનૂની તથ્ય છે.

તપાસ રિપોર્ટની નકલ આપ્યા વિના જ સીધા બરતરફીના હુકમો કરી દેવા તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું સ્પષ્ટ ઉલ્લંઘન દર્શાવે છે.

આ મામલો ઊંડાણપૂર્વકની અને વિગતવાર સુનાવણી માગી લે છે. છબઈ દ્વારા ૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા બંને અધિકારીઓના બરતરફીના હુકમો પર તુરંત અસરથી વચગાળાનો સ્ટે મૂકવામાં આવે છે. બંને અધિકારીઓને ડિસમિસ થયેલા ગણવાને બદલે સસ્પેન્ડ થયેલા ગણી નિયમ મુજબ નિર્વાહ ભથ્થું ચૂકવવું. રાજકોટ મહાનગરપાલિકાને નોટિસ ઇશ્યૂ કરી કેસની આગામી સુનાવણી ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નિયત કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકાને નોટિસ ઇશ્યૂ કરી કેસની આગામી સુનાવણી ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ નિયત કરવામાં આવી છે.

મહાનગરપાલિકા દ્વારા ઉતાવળે અને કાયદાકીય પ્રક્રિયા પૂરી કર્યા વિના લેવાયેલા નિર્ણય સામે હાઈકોર્ટે લાલ આંખ કરી છે. કાનૂની નિષ્ણાતોની ટીમે રજૂ કરેલી સચોટ દલીલોના કારણે હાલ પૂરતી બંને અધિકારીઓને મોટી રાહત મળી છે, ત્યારે હવે સૌની નજર ૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ થનારી આગામી મહત્વપૂર્ણ સુનાવણી પર ટકેલી છે.